# વડેલી લઘુ વિસ્તાર આયોજન

## (જિલ્લો વડોદરા)

અહેવાલ લેખન :

હસમુખ ત્રિ. પરમાર.
કાંતિલાલ મકવાણા

સંકલન :

ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૬

૧૭૬

આયોજન કરી છઠ્ઠી યોજનામાંજ વિકાસ કાર્યક્રમો શરૂ કરવાના હતા. પરંતુ ભારતના લગભગ બધાજ રાજ્યોમાં આ થયું નથી. ગુજરાતરાજ્યની વાત કરીએ તો રાજ્યના લઘુવિસ્તારનું (પોકેટ) આયોજન કરવાનું કામ આદિજાતિ વિકાસ કમિશ્નરે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યું છે. તેના પરિણામ સ્વરૂપે આ કામ કેન્દ્ર સ્તરે ઘણી ટુકડીઓમાં વહેંચી દેવામાં આવ્યું હતું. અમારે હિસ્સે વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના વડેલી લઘુવિસ્તારનું સર્વેક્ષણાધારિત આયોજન કરવાનું આવ્યું હતું.

## ૧:૪: સર્વેક્ષણ સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના પાયાના હેતુઓ નીચે પ્રમાણે હતા.

(૧) વડેલી લઘુવિસ્તાર (પોકેટ)ની વિગતવાર તપાસ કરવી તેમાં કુદરતી અને ભૌતિક સંશાધનો અને તેની માલિકી વિશે વિગતો જાણવી અને તેનો આયોજન કરતી વેળા યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવો.

(૨) આદિવાસીઓની જરુરિયાતો સમજવી તથા સંબંધિત વિગતો જોઈ તેમના એટલે કે અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે આયોજન કરવું.

## ૧:૫: સંશોધન પ્રવિધિ અને પધ્ધતિઓ :

વડેલી લઘુવિસ્તાર (પોકેટ) આયોજન માટે (પાંચ) ૫ ગા પસંદ કરવા અને તેમાં દરેક ગામમાં ૨૦ આદિવાસી કુટુંબો પાસેથી પ્રશ્નાવલી ધ્વારા માહિતી એકઠી કરવી એમ નક્કી થયું હતું. તે ઉપરાંત ગામની સામાન્ય માહિતી મેળવવા માટે ગામપત્રક તૈયાર કરવામાં આવ્યુ હતું. તથા આદિવાસી લઘુવિસ્તારમાં માળખાકીય સગવડોની માહિતી મેળવવા માટે ફ્રેમ બનાવવામાં આવી હતી જેના આધારે તાલુકાકક્ષાએ લઘુવિસ્તારના દરેક ગામની માહિતી મેળવવ હતી. આ ઉપરાંત સ્થાનિક ગામના સરપંચ આદિવાસી આગળ પડત કાર્યકરો વગેરેની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાતો મુલાકા

...૩...

માર્ગદર્શિકાને આધારે લેવામાં આવી હતી.

ક્ષેત્રકાર્ય દરમ્યાન નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણનો ઉપયોગ કર્યો હતો. જેના આધારે કેટલીક ઉંડાણપૂર્વકની માહિતી મેળવી શકયા હતા. તેમની સાથે રહેવા તથા જમવાથી તેમની રહેણીકરણી તથા આંતરવ્યવહાર તથા કેટલાક દુષણો પણ મેળવી શકયા હતા. સાથે સાથે તેમની કેટલીક હસ્તકલા કૌશલ્ય જોઈ તથા જાણી શકયા હતા. ક્ષેત્રકાર્યના ગામડાંઓ રોડથી અંદરની તરફના પસંદ થયા હતા તેમાં લઢોદ અને નાના અખત્યારપુર ગામ એવા હતા કે ત્યાં વાહનવ્યવહારના કોઈ સાધનથ ન મળે ત્યાં ચાલતા જવું પડયું હતું. જો કે સંશોધનતર માટે એ બાબત ઘણું શીખવી જતી હોય છે. પસંદ થયેલા દરેક ગામોએ તાડના ઝાડો હતા એટલે દૂરથી અમોને લોકો બતાવતા કે તાડના ઝાડ દેખાય એજ લઢોદ ગામ છે.

ગ્રંથાલયએ તો દ્વિતીય સ્ત્રોતમાંથી સંબંધિત વિગતો એકઠી કરવા માટેનું એક સંસ્થાન છે. અમોએ વિષાય સંબંધિત કેટલીક માહિ આ આયોજન સર્વેક્ષણ માટે મેળવી હતી.

૧:૬: <u>નિદર્શ પસંદગી</u> :

નિદર્શ પસંદ કરતાં પહેલાં વડેલી પોકેટમાં આવેલા ૫૩ ગામોની યાદી બનાવી હતી જેમાં દૈવનિદર્શન પધ્ધતિ અનુસાર પાંચ ગામો અનુક્રમે ૭, ૧૭, ૨૭, ૩૭, ૪૭ ગામો પસંદ કર્યા હતા. પરંતુ ૪૭ નંબરનું અરીઠા ગામ જયાં આદિવાસી વસ્તી ન હોવાથી ૪૮ નંબરનું ગોવિંદપુરા ગામ પસંદ કરવામાં આવ્યું હતું.

લઘુ.પોકેટ આયોજન અંગે કેન્દ્રમાં મળેલી મીટીંગમાં નકકી થયા પ્રમાણે દરેક ગામમાંથી ૨૦ કુટુંબો પસંદ કરવાના હતા જે અમો આદિવાસી જાતિ અને વ્યવસાય બન્ને બાબતોનું સંતુલન રહે તેની ચીવટ રાખી પસંદ કરી હતી, જે મુજબ પીછુવાડા ગામમાં જયાં ફકત તડવીજ રહે છે તેમાં ૩ ખેતી અને ૧૭ ખેતમજૂરીનો મુખ્ય વ્યવસા કરતા કુટુંબો પસંદ કર્યા હતા. જયારે નાગરવાડા ગામમાં પણ ફકત

તડવીજ રહે છે. તેમાં ૯ ખેતી ૭ ખેતમજૂરી અને ૪ કડીયાકામનો વ્યવસાય કરતાં ૨૦ કુટુંબો પસંદ કર્યાં હતા. તથા નાનાઅમદાપુર ગામમાં પણ ફકત તડવી જાતિ જ રહે છે. તેમાં ૩ ખેતી, ૧૧ ખેતમજૂરી, ૫ રોડકામ અને ૧ નોકરીનો મુખ્ય વ્યવસાય કરતાં ૨૦ કુટુંબો પસંદ કર્યાં હતા. ચોથું ગોવિંદપુરા ગામ પસંદ થયું હતું. જયાં તડવી અને વસાવા જાતિના લોકો રહેતા હતા. તેમાંથી ૬ તડવી અને ૧૪ વસાવા જાતિના કુટુંબો પસંદ કર્યાં હતા. જેમાંથી વસાવા જાતિમાં ૭ કુટુંબો મુખ્ય વ્યવસાય ખેતી કરતા અને ૭ કુટુંબો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી કરતા પસંદ કર્યાં હતા. જયારે તડવી ૬ કુટુંબોમાંથી ૧ કુટુંબ મુખ્ય વ્યવસાય ખેતી અને ૫ કુટુંબમુખ્ય વ્યવસાય ખેતમજૂરી કરતા પસંદ કર્યાં હતા. પાંચમું ગામ લુઢોદ પસંદ થયું હતું જયાં તડવી અને નાયકા કુટુંબો વસતા હતા. જેમાંથી મુખ્ય ધંધો ખેતીનો કરતા ૬ કુટુંબો અને ખેતમજૂરી મુખ્ય વ્યવસાય કરતા ૬ કુટુંબો મળી કુલ ૧૨ તડવી જાતીના જયારે નાયકામાં ૧ કુટુંબ ખેતી, ૫ કુટુંબ ખેતમજૂરી અને ૨ કુટુંબ રોડકામ મુખ્ય વ્યવસાય કરતા હતા. એમ કુલ ૮ કુટુંબો નાયકા જાતિમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

જે કોઠા નં. ૧:૬:૧ માં વડેલી લઘુવિસ્તાર વિકાસ આયોજન અભ્યાસ માટે આવરી લેવાયેલા આદિવાસી કુટુંબોનું જાતિ પ્રમાણે તથા જમીનધરાવનાર અને જમીન નહી ધરાવનાર કુટુંબોનું વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે.

કોઠા નં. ૧:૬:૨ માં વડેલી લઘુ વિસ્તાર વિકાસ આયોજન અભ્યાસ માટે આવરી લેવાયેલા પાંચગામો, લઘુવિસ્તારનું મુખ્યગામ વડેલી તથા સંખેડા તાલુકાની વસ્તી દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૧:૬:૧ જાતિ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામનું નામ | તડવી | | વસાવા | | નાયકા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જ.વા | જ.વ. | જ.વા. | જ.વ | જ.વા | જ.વ. | જ.વા. | જ.વ. |
| ૧. | પીછુવાડા | ૩ | ૧૭ | – | – | – | – | ૩ | ૧૭ |
| ૨. | નાગરવાડા | ૯ | ૧૧ | – | – | – | – | ૯ | ૧૧ |
| ૩. | નાના અખત્યારપુરા | ૩ | ૧૭ | – | – | – | – | ૩ | ૧૭ |
| ૪. | ગોવિંદપુરા | ૧ | ૫ | ૭ | ૭ | – | – | ૮ | ૧૨ |
| ૫. | લઢોદ | ૬ | ૬ | – | – | ૧ | ૭ | ૭ | ૧૩ |
| | કુલ | ૨૨ (૭૩.૩૩) | ૫૬ (૮૦.૦૦) | ૭ (૨૩.૩૩) | ૭ (૧૦.૦૦) | ૧ (૩.૩૩) | ૭ (૧૦.૦૦) | ૩૦ (૧૦૦.૦૦) | ૭૦ (૧૦૦.૦૦) |

x કૌંસમાં ટકા દર્શાવ્યા છે.

કોઠા નં. ૧:૬:૨ ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે પસંદ કરેલા ગામોની વસ્તી

વડેલી પોકેટ તાલુકો: સંખેડા

| ક્રમ | ગામનું નામ | જાતિ | સંખ્યા | કુલ વસ્તી | | | અનુસુચિત જાતી | | અનુસુચિતજન જાતિ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી |
| ૧. | પીછુવાડા | તડવી | ૨૦ | ૯૭૫ | ૪૯૫ | ૪૮૦ | ૪ | ૪ | ૧૮૫ | ૧૮૬ |
| ૨. | નાગરવાડા | તડવી | ૨૦ | ૧૮૦ | ૯૦ | ૯૦ | – | – | ૯૦ | ૯૦ |
| ૩. | નાના અખત્યારપુરા | તડવી | ૨૦ | ૨૪૭ | ૧૩૩ | ૧૧૪ | – | – | ૧૩૩ | ૧૧૪ |
| ૪. | ગોવિંદપુરા | તડવી | ૬ | – | – | – | – | – | – | – |
| | | વસાવા | ૧૪ | ૧૮૬ | ૯૬ | ૯૦ | – | – | ૭૬ | ૭૫ |
| ૫. | બોઢોદ | તડવી | ૧૨ | – | – | – | – | – | – | – |
| | | નાયકા | ૮ | ૧૯૫૭ | ૧૦૦૫ | ૯૫૨ | ૪૧ | ૪૨ | ૪૬૨ | ૪૬૦ |
| ૬. | વડેલી | | | ૧૧૫૫ | ૫૮૩ | ૫૭૨ | ૧૦૭ | ૧૧૩ | ૩૦૮ | ૨૮૮ |
| ૭. | સંખેડાતાલુકા | કુલ | | ૧૪૯૩૧૧ | ૭૭૫૮૩ | ૭૧૭૨૮ | ૩૯૦૭ | ૩૬૫૦ | ૨૯૪૬૧ | ૨૭૦૯૮ |

## ૧:૭: કોષ્ટિકરણ :

માહિતી એકત્રકર્યાબાદ માહિતીનું કોષ્ટિકરણ કરવા માટે માહિતી અનુકુળક એક ફ્રેમ બનાવવામાં આવે છે. જેમાં કૌટુંબિક માહિતી વયજૂથ પ્રમાણે વર્ગીકરણ, રહેઠાણ, વૈવાહિત, દરજ્જો, શિક્ષણ, જમીન, પશુધન અન્ય અસકયામતો, વ્યવસાયના સાધનો, ઘરવખરી, સ્રોતવાર આવક, વપરાશીખર્ચ, દેવું તથા જમીનસંરક્ષણ યોજના, સિંચાઈ યોજના, કિટસ, દૂધાળાઢોર, મરઘા, આરોગ્ય યોજનાનો લાભ મળ્યો છે તે ઉપરાંત રહેઠાણ, ધંધા, રોજગાર, જમીન, કિટસ, ખેતીના સાધનો અને પશુધનની પ્રસ્તુત અભ્યાસમાં નોંધાયેલી જરુરિયાતોને બનાવવામાં આવેલી કોષ્ટિકરણની ફ્રેમો આવરી લીધી હતી.

## ૧:૮: પ્રકરણીકરણ :

પ્રસ્તુત અહેવાલમાં કુલ ૭ પ્રકરણો અને ૬ પરિશિષ્ટો સમાવ્યા છે. પ્રકરણો એકબીજાને સુસંકલિત છે. દરેક પ્રકરણને એકબીજ સાથે હેતપૂર્વક બાંધવામાં એટલે કે સાંકળવામાં આવ્યા છે.

વિશેષમાં જોઈએ તો પ્રથમ પ્રકરણમાં સમગ્ર અભ્યાસનું ક્ષેત્ર વિષયવસ્તુ, કાર્યપધ્ધતિ, પ્રવિધિનિદર્શ, કોષ્ટિકરણ, પ્રકરણીકર પ્રારૂપ અને તારવો તથા સુઝવવોનું નીરૂપણ કેવી રીતે થશે તથા આભારદર્શન વિગેરે બાબતો આવરી લેવામાં આવી છે.

પ્રકરણ ૨ મો વડેલી લઘુવિસ્તારની પૃષ્ઠભૂમિને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં વડેલી લઘુવિસ્તારનો ઈતિહાસ એની ભૂગોળ નૈસર્ગિક સંપતિ જેવી કે નદી, પર્વત, તથા પશુપંખી આબોહવા અને આવક વધારી શકે તેવી કુદરતી સંપતિ અને આજુબાજુના કસબા, જિલ્લામાં આવેલા નાના મોટા ઉદ્યોગો આવેલા છે. તેની નોંધ લઈ સંદર્ભ સાથે વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રકરણ-૩ જે બીજા પ્રકરણ સાથે સંકડાયેલું છે. તેમાં વડેલી લઘુવિસ્તારની સામાજીક સંરચના જોવામાં આવી છે આ પ્રકરણમાં કુલ વસ્તી અ.જાતિની વસ્તી, અનુજનજાતિની વસ્તી,

પ્રજાતિય તત્વો, તહેવારો, મેળાઓ, ઉત્સવો, ધાર્મિકમાન્યતાઓ, આદિવાસી ફળિયાની ભૌતિકરચના તથા સામાજીકરચના, આદિવાસી કુટુંબનું માળખું તેનું પ્રકાર્ય, સગાઈ સંબંધો, સ્ત્રી દરજ્જો તથા ગ્રામ પંચાયત અને જ્ઞાતિપંચાયતો વિશેષ કરીને કઈ રીતે પ્રભાવક રહી છે. તે ઉપરાંત આદિવાસી આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી મંડળીઓ, પ્રા.શાળાઓ, માધ્યમિકશાળા, તોનિક-શિક્ષણ, સંસ્થાઓનો આદિવાસીઓનો શિક્ષાણાર્થી તરીકેનો ફાળો અને કન્યાશિક્ષણને આવરી લેવામાં આવી છે.

પ્રકરણ-૪ માં વડેલી લઘુવિસ્તારની અર્થવ્યવસ્થા તપાસી છે તેમાં આદિવાસીઓની ભૌતિ, સાંસ્કૃતિક ઘરનું ક્ષેત્રફળ, છાજ, બનાવટ, અને ખર્ચનો અંદાજ, ઘરનો સામાન તેમાં કપડાંલતા, ઘરેણાં ખાણીપીણી તહેવાર પ્રસંગે, વ્યસનો, માછીમારી, શિકાર અને નાચગાનના સાધનો તથા અનાજ ભરવા , દળવા, ખાંડવાના સાધનો વિગેરેની માહિતી ક્રમબધ્ધ સમાવવામાં આવી છે. તે ઉપરાંત ધંધાઓ અને તેમાં આવેલાં પરિવર્તનો નોંધ્યા છે. તથા ખેતી, તેના સાધનો અને માલિકી તેવી રીતે માછીમારાીની પ્રવિધિ અને જંગલપેદાશોની બનાવટો અને રીત વિગેરેને નોંધવામાં આવી છે. તે ઉપરાંત વસ્તી, કુટુંબો, અને કમાનાર સભ્યોની આંકડાકીય માહીતી આપવામાં આવી છે. તેવી જ આવક ખર્ચ અને દેવાના આંકડા સહીત એકબીજા પર પડતી અસરો નોંધી છે. તેમાં ગરીબીરેખાના માપદંડના આધારે કુટુંબોને જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિશેષમાં વાર્ષિક કાર્યક્રમ, શ્રમવિભાજન, શ્રમસંગઠન, ખરીદવેચાણ ધીરાણ, વ્યવસ્થા અને તેની સાથે સંકળાયેલ નાણાંકિય સંસ્થાઓ તથા આદિવાસીમાં આર્થિક સ્તરીકરણ અને તનાવો, પરિણામ સ્વરુપે લડાઈ, ઝગડા વગેરે બાબતોને જરુરી છે ત્યાં સંદર્ભ સહિત બતાવવામાં આવી છે.

પ્રકરણ - એ આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ નોંધવામાં આવ્યા છે જે જે સિધ્ધાંતો વડેલી લઘુવિસ્તારના આયોજનમાં લક્ષમાં લેવામાં આવ્યા છે તેવું આત્મસાત થતાં લાગ્યા છે તેની વિગતે ચર્ચા કરી છે. તેમાં(એક) ૧,લઘુવિસ્તારમાં વિકાસ માટે કામગીરી

થઇ હોય xxx તેના મૂલ્યાંકનના આધારે આયોજન કરવું.
૨, લોકોની આવશ્યકતા અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવી.
૩, લોકાના સામાજીક, આર્થિક ગૂંફનને ધ્યાનમાં લેવું.
૪, લઘુત્તમ આવશ્કયતા, ૫, સામાજીક આર્થિક સંસ્થાઓની રચના. ૬, ગરીબમાં ગરીબ હોય તેને અગ્રિમતા ૭, શોષણ નિષેધ, ૮, આદિવાસી સહભાગિતા. ૯, આદિવાસી સંગલી અને સ્થાનિક સંસ્થાઓ. ૧૦, અગ્રિમતાનુક્રોમ ~~...~~
૧૧, લાંબાગાળાની સહાય ૧૨, ઉત્પાદક અસકયામતો ઉભી કરવી. ૧૩, આયોજન રાષ્ટ્ર રાજય અને પોકેટનું અભિન્ન ભાગ હોવો જોઈએ. ૧૪, ધનરાશી મુજબ આયોજન. ૧૫, અવરોધો. ૧૬, સુસંગત સંશોધન અને મૂલ્યાંકન આ બધી બાબતો સ્પષ્ટ કરવામ આવી છે.

સિધ્ધાંતો વિશે સ્પષ્ટતા કર્યાબાદ પ્રકરણ – પાંચ માં લઘુવિકાસ યોજનાના હેતુઓ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

પ્રકરણ – ૬ આ પ્રકરણમાં આયોજનના સિધ્ધાંતોને આધા હેતુઓને બર લાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે તેમાં લઘુતમ આવશ્યકતાને પૂર્તિ માટેના કાર્યક્રમો. (૨) આર્થિક (૩) તાલીમ (૪) ધીરાણ (૫) ખેતવિષાયક (૬) સામાજીક (૭) સાંસ્કૃતિ કાર્યક્રમો વડેલી લઘુવિસ્તારને અનુકુળ બનાવવામાં આવ્યા છે.

તે ઉપરાંત સંસ્થાઓની નવરચના લોક જાગૃતિ માટે લક્ષાં. ખર્ચ અને કિંમતોની સંખ્યા, જમીન નવસાધ્યતાના કાર્યક્રમોની અસર, પાયાની સવલતો નોંધવામાં આવી છે.

તથા માળખા અંગે સુઝાવો તથા વહિવટી વ્યવસ્થા અને નાણાંકીય જોગવાઈની ચર્ચાબાદ લઘુવિસ્તારનું સમ્યાંતરે સંશોધન અને મુલ્યાંકન આયોજનની સાથે સાથે ચાલે તે બાબત પણનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેની સાથે સાથે
વિગેરે યોજનાઓના સંધાણ અંગેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ – ૭ માં સમગ્ર અભ્યાસલક્ષાી કારણો સુયોગ્ય સંદર્ભ સહિત આપવામાં આવ્યાછે.

ઉપરાંત પ્રસ્તુત અહેવાલમાં છ પરિશિષ્ટો મૂકવામાં આવ્યા છે. જેમાં

૧) લઘુવિકાસના ગામોની યાદી અને વસ્તી

૨) વ્રણ પ્રશ્નાવલી

૩) અનુભવનોંધ

૪) મુલાકાતીઓની વિગત

૫) સંદર્ભ સૂચિ

૬) કોઠાની સૂચિ મૂકવામાં આવી છે.

# " આભાર દર્શન "

પ્રસ્તુત સંશોધન આયોજન અહેવાલ એ અમારું પ્રથમ આદિવાસી વિષાયક સંશોધનક્ષેત્રનું ખેડાણ છે. ખુબ ઘનિષ્ઠ રીતે આદિવાસી કા વિસ્તાર અને લોકો સાથે સંકળાયેલા ન હોવા છતાં અમારી સમજ શકિત અને નિયામકશ્રી ઠાકોરભાઇ નાયકની પ્રેરણાથી શકય એટલું યથાતત ચિત્ર કડારવા પ્રયત્ન કર્યો છે. અમોને શરુઆતથી યોગ્ય દિશાદર્શનશકિત પૂરી પાડનાર નિયામકશ્રીના અમો ખુબજ આભારી છીએ. અભ્યાસ વખતે સંખેડા તાલુકાવિકાસ અધિકારીશ્રી તથા તાલુક પંચાયતના કર્મચારીગણ, તલાટી કમ મંત્રીશ્રી રણછોડભાઇ બારીયા, શ્રી આર.બી. પરમાર, શ્રી એ.આઇ. રાઠોડ, શ્રી એમ.એસ તડવી તથા શ્રી આર.સી. વણકર તથા સરપંચ વડેલી શ્રી ભારતસીંહ હમીરસીંહ રાઠોડ, નાગરવાડાના શ્રી સોમાભાઈ તડવી, તથા સરપંચશ્રી પીછુવાઠા, ગોવિંદપુરા, અખત્યારપુરા, અને લઢોદ કે જેમણે અભ્યાસને સુસંગત માહિતી પુરી હતી તે સૌના અમે ઋણી છીએ ઉપરાંત આદિવાસી મહિલા સિવણવર્ગ- સંખેડાના સંચાલક શ્રીમતી વિનોદબેન એસ. શાહ એ શીવણ વર્ગ અને આદિવાસી બહેનો વિષાયક માહિતી પુરી પાડી હતી તેમના પણ અમે આભારી છીએ.

ઉપર દર્શાવેલ સૌ સ્નેહીઓતો ખરાજ પરંતુ અમારા અભ્યાસના મુખ્ય આદિવાસી ઉતરદાતાઓ કે જેમણે અમોને ખુબજ અગત્યની માહિતી પૂરી પાડી હતી જેના સીવાય આ અભ્યાસ શકય ન હતો. તેઓના અમો ખુબ ખુબ આભારી છીએ.

તારીખ: ૨૮-૧૦-૧૯૮૫.

હસમુખ પરમાર
કાંતિ મકવાણા.

## પ્રકરણ : ૨

## "પૃષ્ઠભુમિ"

### ઐતિહાસિક સંદર્ભ :

ઇતિહાસની તવારીખ.મુજબ આપણે દેશ સ્વતંત્ર થયો તે પહેલાં આપણા દેશ ઉપર બ્રિટીશરોની હકુમત હતી. એ પણ હકીકત છે કે આપણો દેશ ગુલામીના સકંજામાં જકડાવવાના અનેક જવાબદાર કારણોમાં એક તે વખતના રજવાડાના રાજવીઓ પણ જવાબદાર હતા. પહેલાં આપણે ત્યાં નાના મોટા રજવાડા હતા અને એક રજવાડામાં વંશપરંપરાગત રીતે રજપૂતો રાજવીઓ રાજકરતા હતા.

દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ આવા રાજવીઓની પણ કેટલીક સારી અને નરસી બાજુઓ હતી.

વડોદરા એ એક વખતનું સુવિખ્યાત સુસંસ્કૃત અને સાહસિભર રજવાડુ હતું. ચોમેર વડોદરાના ગાયકવાડ રાજવીની આણવતાંતી હતી. ગાયકવાડે લોકહિત, લોકકલ્યાણના અનેક કામો કર્યા છે. તેની સાક્ષી હજી આજે પણ ઉપલબ્ધ છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર ઉપરાંત પ્રજાની પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં પણ એટલાજ જાગૃત હતા. ગાયકવાડ દરબારે આદિવાસી અને હરિજનો માં શિક્ષણ વધે તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવી હતી. વડોદરા જિલ્લાના તાલુકાઓના ઉંડાણના આદિવાસી ગામોમાં પણ લોકકલ્યાણના કામોની સાખ્વી પૂરતી xx xxxxxx શાળા, પીવા પાણીના કુવા વિગેરે જોવા મળે છે.

અભ્યાસ માટે પસંદ કરાયેલા નાના અખત્યારપુર ગામે મહારાજા સયાજીરાવ ગાયકવાડ તેઓશ્રીના હિરક મહોત્સવ પ્રસંગે કરેલી દેણગીમાંથી થયેલુ કામ તે ત્યાંના આદિવાસીઓ માટે પીવાનું પાણી માટે લગભગ ૭૦ થી ૮૦ ફુટ ઉંડો પાકો કુવો, કઠાળા સહિત બંધાયેલો હાલ મોજુદ છે.

તેના પર કોતરેલ લેખ મુજબ તે કુવો સને ૩-૧-૧૯૩૬-૧૯૩૯-૪૦ માં રૂા. ૧,૫૪૯ના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો.

લઘુ વિસ્તારની ભુગોળ :

ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં વડોદરા જિલ્લો પાતા આગવું સ્થાન ધરાવે છે. વડોદરા જિલ્લાનું ભૌગોલિક સ્થાન જોઈએ તો ૨૧°.૪૯ થી ૨૨°.૪૯ ઉત્તર અક્ષાંશ અને ૭૨°.૫૧ થી ૭૪°.૧૯ પૂર્વ રેખાંશ પર આવેલું છે. સીમાની દ્રષ્ટિએ જોઈએતો વડોદરાની પૂર્વે મધ્યપ્રદેશ, પશ્ચિમે ભરુચ અને ખેડા જિલ્લો ઉત્તરે ખેડા અને પંચમહાલ જિલ્લો તથા દક્ષિણે ભરુચ જિલ્લો આવેલો છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે વડોદરા જિલ્લાની કુલ વસ્ ૨૫૫૮૦૯૨ છે. તેમાં ૧૫૩૬૮૯ અનુસૂચિત જાતિની અને ૬૪૮૩૭૨ અનુસુચિત જનજાતિની વસ્તી છે. કુલ વસ્તીમાં ૧,૬૦૭,૫૬૫ વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં જ્યારે ૯૫૦૫૨૭ શહેરી વિસ્તારમાં, તેવીજ રીતે અનુસૂચિત જાતિની કુલ વસ્તી ૬૪૮૩૭૨ માંથી ૬૦૯૦૪૭ એટલે કે ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં અને ૩૯૩૨૫ એટલે કે ટકા શહેરી વિસ્તારમાં વસે છે.

વડોદરા જિલ્લામાં ૧૨ તાલુકા પંચાયત, ૫ નગરપંચાયત, ૧ મહાનગરપાલિકા અને ૧ નગરપાલિકા, ૫૨૭ ગ્રામપંચાયત, ૩૩૭ જુથ ગ્રામપંચાયતો છે. વડોદરા જિલ્લાનો વિસ્તાર ૭૭૭૮.૦ ચો. કિ.મી. છે. દર ચો.કિ.મી વસ્તીની ગીચતા ૩૨૮.૮૯ છે. જિલ્લામાં કુલ ૧૬૫૫ ગામો અને ૧૯ શહેરો છે. ૨ ૪ ગામો ઉજ્જડ

વડોદરા જિલ્લો રેલ્વે, રસ્તાઓ અને હવાઈમાર્ગનું કેન્દ્ર છે. ઉદ્યોગોનું અને કેળવણીનું કેન્દ્ર છે. જુની રાજધાનીનું શહેર અને લશ્કરી મથક છે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર ખાતર બનાવવાનું જંગી કારખાનુ ગુજરાત રિફાઈનરી કોયલી, દુધડેરી. વડોદરા ઉપરાંત અનેક મધ્ય અને નાના કદના ઔદ્યોગિક એકમો છે. તે ઉપરાંત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ઉચ્ચ કેળવણીનું કેન્દ્ર અને તેમાં અનેક વિભા નું ઉચ્ચ શિક્ષણની ફેકલ્ટીઓ છે. તથા જોવાલાયક ઐતિહાસિક સ્થળો જેવા કે, લક્ષ્મીવિલાસ રાજમહેલ, ફતેસિંહરાવકુતબુદિનનો મકબરો, સંગ્રહસ્થાન પ્રાણી સંગ્રહસ્થાન, ન્યાયમંદીર વિગેરે છે.

તે ઉપરાંત જિલ્લા કક્ષાની સરકારી કચેરીઓ તથા ગુજરા તથા ગુજરાત વિદ્યુતબોર્ડની મુખ્ય કચેરી વડોદરામાં આવેલી છે.

સંખેડા :

વડોદરા જિલ્લાના ૧૨ તાલુકામાંના સંખેડા તાલુકામાં આવેલા વડેલી લઘુવિસ્તાર પ્રસ્તુત અભ્યાસનું કાર્યક્ષેત્ર છે. સંખેડા એ તાલુકાનું મુખ્ય મથક છે. તે ઓરસંગ નદીને કિનારે બહાદરપુરની સા કાંઠે આવેલું કિલ્લેબંધી ગામ છે. ભૌગોલિક સ્થાનની દ્રષ્ટિએ જોઈએ તો પૂર્વે જંબુગામ તાલુકો, પશ્ચિમે ડભોઈ તથા વાઘોડિયા તાલુકો ઉત્તરે પંચમહાલ જિલ્લો અને દક્ષિણે નવસારી તાલુકો આવેલો છે. તાલુકાની ઉત્તર દક્ષિણ લંબાઈ આશરે ૩૫ કિ.મી અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૨૪ કિ.મી છે.

સંખેડામાં કોલેજ, માધ્યમિકશાળા, કન્યાશાળા તથા પ્રાથમિક શાળાઓ છે. જેનો લાભ આજુબાજુના ગામડાઓને મળે છે. જિલ્લામથક સાથે બસ વ્યવહારની ઘણી સવલત છે. તાલુકાકક્ષાની કેટલીક કચેરીઓ આવેલી છે. ગામમાં પ્રવેશતાજ ભાથીજી મહારાજનું આકર્ષક મંદીર છે. તાલુકામાં મુખ્ય વસ્તી લેઉવાપાટીદાર, ભકત પાટીદાર, તડવી, નાયકાની છે. કિલ્લેબંધી ગામ હતું પરંતુ હાલ કિલ્લો તુટક તુટક જોવા મળે છે. સંખેડામાં લાકડા ઉપર લાખ ચઢાવી નકશી કાઢી, પારણાં, નાની મોટી સુશોભન તથા ઘરવખ ની ચીજવસ્તુ અને ફર્નિચર બનાવવાનો જગવિખ્યાત હસ્તકલા ઉદ્યોગ અહીં ચાલે છે. મોટાભાગના સુથાર આ વ્યવસાય કરે છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ સંખેડા તાલુકાની કુલ વસ્તી ૧૪૯૩૧૧ની છે. તેમાં ૭૫૫૭ અનુસૂચિતજાતિની વસ્તી અને ૫૬૫૫૯ અનુસૂચિત જનજાતિની વસ્તી છે. અનુસૂચિત જાતિની કુલ ૫૬૫૫૯ વસ્તીના ૫૨૭૭૯ (૯૩.૩૨ ટકા) ગ્રામ્યવિસ્તારમાં અને ૩૭૮૦ (૬.૬૮ ટકા) XXXX શહેરી વિસ્તારમાં રહે છે. આમાં મોટાભાગની આદિવાસી વસ્તી ગામડાઓમાંજ રહે છે.

સંખેડા તાલુકામાં કુલ ૧૮૫ ગામડાઓ છે. જેમાંથી એક ગામ ઉજ્જડ છે. ત્રણ શહેરો અનુક્રમે (૧) સંખેડા (૨) બોડેલી (૩) બહાદ પુર છે. સંખેડા તાલુકા પંચાયત, ૩૭ ગ્રામપંચાયત અને ૫૦ જુથ પંચા છે. તે ઉપરાંત ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતું ગામ માંકણી છે. સંખે

તાલુકાનો વિસ્તાર ૭૨૨.૬ ચોરસ કિ.મી. છે. વસ્તીની ગીચતા ૨૦૬.૬૩ ચો. કિ.મી.ની છે. તે ઉપરાંત સંખેડા તાલુકામાં ફકત નાનામાગની રેલવે ૩૧ કિ.મી. લંબાઈની છે. ૧૫૪ પાકા તથા ૬૬ કાચા મળી કુલ ૨૨૦ રસ્તાઓ છે. સંખેડા તાલુકાના ૧૮૪ ગામોમાંથી ૯૯ ગામોમાં ટપાલ કચેરી નથી.

૧૯૮૧ સુધી ૧૪૦ ગામોનું વિજળીકરણ થયેલું છે. તેમાં ૧૧૦૮૨૮ વસ્તીને આવરી લેવાય છે. હજુ ૪૪ ગામોનું વીજળીકરણ બાકી છે.

સંખેડા તાલુકાની હેરણ, ઢાઢર, ઓરસંગ, સણી અને ઉચ્છ મુખ્ય નદીઓ છે. તથા કપાસ, ડાંગર, જાડા ધાન્યો અને કઠોળ મુખ્ય પાક છે. તે ઉપરાંત અછાલી, ગુગલપુરા, પોરા, સોનગીરી વિગેરે ડુંગરો આવેલા છે.

નદીઓ :

આપણે આગળ જોઈ ગયા તેમ વડેલી લઘુવિસ્તારમાં સંખેડા તાલુકાના ૫૩ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા ગામોમાં મુખ્ય ગામ વડેલીને આધારે સમગ્ર લઘુવિસ્તારને વડેલી લઘુવિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે.

સંખેડા તાલુકામાં હેરણ, ઢાઢર, ઓરસંગ, સણી અને ઉચ્છ મુખ્ય નદીઓ વહે છે.

ઓરસંગ :

મધ્ય ભારતમાંથી નીકળી કરનાળા પાસે નર્મદા નદીને મળે ઉચ્છ અને હેરણ નામની નદીઓ ઓરસંગને મળે છે. નદીના ભાઠામાં તડબૂચ અને સકકરટેટીની ખેતી થાય છે.

ઢાઢર :

શિવરાજના ડુંગરોમાંથી નીકળી ઢાઢર નદી ખંભાતના અખાતને મળે છે.

ઓરસંગ નદી ઉપર જોજવા ગામ નજીક બંધ બાંધવામાં આવ્યો છે. આ સ્થળ પર્યટનસ્થળ તરીકે વિકસી રહ્યું છે. બંધના પાણી ધ્વા

સંખેડા તાલુકાના કેટલાક ગામોને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. નદીની રેતીનો બાંધકામમાં ઉપયોગ થાય છે.

હેરણ :

રાજવાસણા ગામ હેરણનદી ઉપર સિંચાઈ માટે બંધ બાંધવામાં આવ્યો છે.

ઓરસંગ નદી ઉપર આવેલા ધુધાપુરા ગામ નજીક લીલા છાંટાવાળા બરોડા માર્બલ્સને નામે ઓળખાતા જાણીતા આરસપહાણ પથ્થરોની ખાણો આવેલી છે.

નદીમાં આદિવાસીઓ છુટા છુવાયા ટાંચા સાધનો ધ્વારા માછીમારી કરેછે. ભોઈ જાતીના લોકો વધુ માછીમારી કરે છે.

આબોહવા :

વડોદરા જિલ્લામાં શિયાળામાં ઠંડી અને ઉનાળામાં પુષ્કળ ગરમી પડે છે. ચોમાસામાં ભાદરવા મહિનામાં સખ્ખત ઉકળાટ લાગે છે. નૈઋત્ય પવનો વરસાદ લાવે છે. શિયાળામાં ઓછામાં ઓછું ઉષ્ણતામાન હોય છે. અને ઉનાળામાં વધારેમાં વધારે ૧૧૩° ઉષ્ણતામાન નોંધાયેલું છે. મુખ્યત્વે જુન, જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બરમાં વરસાદ પડે છે. વરસાદ ઓગષ્ટમાં ૧૯ દિવસ વધુમાં વધુ ૪૧૦ મીલીમીટર વરસાદ પડે છે. તથા સપ્ટેમ્બરમાં ૪ થી ૬ દિવસ ઓછામાં ઓછો ૩૨ થી ૪૦ મીલીમીટર વરસાદ પડે છે.

વડોદરા જિલ્લાનું સૌથી વધુ ઉષ્ણાતામાન ૪૫ સેન્ટીગ્રેડ ત સૌથી ઓછું ઉષ્ણાતામાન ૮ સેન્ટીગ્રેડ નોંધાયેલું છે.

સંખેડા તાલુકામાં અહીંના હવામાનની લોકોના જીવનવ્યવહ પર કોઈ વિશિષ્ટ અસર નોંધવા મળી નહતી.

વૃક્ષો વનસ્પતિ :

જોકે અન્ય જગ્યાના આદિવાસી વિસ્તારોની જેમ વડેલી લઘુવિસ્તારમાં ઘાટ જંગલો જોવા મળતા નથી. પરંતુ વડેલી લઘુ-વિસ્તારના અભ્યાસ માટે પસંદ કરાયેલા દરેક ગામમાં સારા એવા

પ્રમાણમાં તાડના ઝાડો જોવા મળ્યા હતા. જોકે અહીં વસ્તા આદિવાસીઓ તાડી ઉતારવાનું કામ કરતા નથી પરંતુ પીછુવાડા ગામમાં તાડના પાનમાંથી ઘરવપરાશી પૂરતી છાદડી તેમજ જાડી ખાટલા ભરવાની દોરડી બનાવે છે.

આ ઉપરાંત આ વિસ્તારમાં ખાખરાના ઝાડવા પણ જોવા મળ્યા હતા પરંતુ તેનો પતરાળા બનાવતા હોય તેવું જોવા મળ્યું ન તે થઈ શકે તેમ છે, તે ઉપરાંત અન્ય વૃક્ષોમાં જાબુડાના ઝાડ વિશે હતા . વડેલીની આજુબાજુ આંબા પણ હતા, ખીદડાના ઝાડ જેને ત્યાં લોકો સમડાના નામથી ઓળખે છે પણ વિશેષ જોવા મળ્યા જે બકરા માટે ઉત્તમ ચારો છે. તે ઉપરાંત આ વિસ્તારમાં નીલગીરી ના ઝાડો પણ વાવવામાં આવેલા જોવા મળ્યા હતા. સ્પષ્ટતા કર ઘટેકે તે આદિવાસીઓની જમીનમાં ન હતાં કે નહીં તે કહી શકાય નહી કારણ ક્ષેત્રકાર્ય દરમ્યાન રોડથી અંદરના ગામોમાં ચાલતા ગયેલા ત્યારે આ બધી બાબતો ધ્યાને આવી હતી. તે ઉપરાંત આસોતરાના પણ ઝાડ કેટલીક જગ્યાએ આવેલા છે.

જંગલ ન હોવાથી ગુંદર કે અન્ય જડીબુટ્ટીતો નહીં પરંતુ સંખેડાના આજુબાજુના ગામડામાંથી આદિવાસીઓ લાકડા કાપી તેના ભારા બનાવી વેચવા આવે છે.

પશુપંખીઓ :

વડેલી લઘુવિસ્તારમાં પશુપંખીઓમાં જોઈએ તો પશુમાં, ગા બળદ, આખલા, વાછરડી, ભેંસ, પાડા, પાડી, ઘેટાં, બકરાં, ઘોડા, ખચ્ચર, ગધેડા, ઊંટ, કુકકર, વાંદરા, વિગેરે તથા પંખીમાં મોર, કબુતર, મરઘાં,-બતક, ચકલી, ઘુવડ, લકકડખોદ, પોપટ, કોયલ, કાબર, કાગડા, સમડી વિગેરે પક્ષીઓ જોવા મળે છે.

પ્રાપ્ય માહિતી અનુસાર સંખેડા તાલુકામાં ગૌધન જેવું કે ગાય, આખલા, બળદ, વાછરડી, મળી કુલ ૨૮૪૦૯ વસ્તી છે. જ્યારે ભેંસો અને પાડા, પાડી મળી કુલ ૧૭૯૧૭ની વસ્તી છે. કુલ ઘેટાં - ૨૫૫, કુલ બકરાં ૧૪૬૬૬, કુલ ઘોડા અને ટટ્ટુ -૩૮૦,

ગધેડા- ૫૦૧, ઊંટ-૧૬, ડુક્કર-૯૧૦, આ મળી કુલ ચોપગા જાનવરોની વસ્તી ૬૩૦૫૪ છે. તેમાંથી ૨૦૮૭૨ દેશી જાતના જાનવરો છે.

મરઘાં-બતકાંની વસ્તી ૪૧૪ જ્યારે બતકાંની વસ્તી ૩૪, ા વસ્તી ગણતરી ૧૯૭૭ માં નોંધાયેલી છે. જોકે આ વિસ્તારમાં કોઇ જંગલી પશુ જોવા મળતા નથી.

અન્ય સંશાધનો :

આગળ નોંધ્યું તેમ વડેલી લઘુવિસ્તારમાં કુદરતી સંપત્તિમાં નદીઓ છે. નાની મોટી ટેકરીઓ છે, વડેલી લઘુવિસ્તારના મુખ્ય ગામ વડેલી નજીક છાપુરા ગામે બીલા છોટાવાળા બરોડા માર્બલ ને નામે ઓળખાતા જાણીતા આરસ પહાણના પથ્થરોની ખાણો આવે છે તે ઉપરાંત રફ પથ્થરોની xxxx xxxxx ઉપરાંત ઓરસંગ નદીમાં આવતી રેતી પણ સીમેન્ટ પાઇપ બનાવવામાં ઉપયોગમાં લઈ શકાય જોકે બાંધકામ માટેની ટ્રકો ધ્વારા નદીમાંથી રેતી ખેંચાય છે.

સંખેડા તાલુકાના ભારપુર લઘુવિસ્તારના ઈન્દ્રાલગામે પથ્થરમ ખલ, ઓરસિયા, ઘંટી બનાવવામાં આવે છે. તથા પથ્થર ભાંગી કપચી અને મેટલ બનાવવામાં આવે છે. તેવું કપચી બનાવવાનો ભરડી વડેલી આજુબાજુ નદીના કિનારે થઈ શકે તેમ છે. તે ઉપરાંત બીજા કોઈ ખનીજ કે તેલ એવું કાંઈ આ વિસ્તારમાં નોંધાયું નથી.

વડેલી લઘુવિસ્તારની આજુબાજુ શહેરો જોઈએ તો સંખેડા અને બોડેલી તથા બહાદુરપુર આવેલાં છે. આજુબાજુની ગ્રામ્ય વસ્તી ખરીદી માટે તથા નાના મોટી રોજગારી માટે ત્યાં જતી હોય છે

બોડેલી રેલવે અને બસ વહેવારની સગવડવાળું વેપારરોજગારનું મથક છે. અહીં 'સીપુ' યોજનાની મોટીકોલોની આવેલી છે. કોલેજ હાઈસ્કુલની સગવડ છે. તેલ, ચોખા, અને કપાસ વગેરેનો કારખાનાં છે. માર્કેટ યાર્ડ પણ છે. અને મગફળીના વેપારનું મથક છે. અહી રેતીમાંથી નાના મોટા પાઈપો પણ બનાવાય છે. તાલુકા મથક ન હોવ છતાં સંખેડા થી વધુ વિકસીત શહેર છે.

એવીજ રીતે બહાદરપુર સંખેડાથી સામે કાંઠે ઓરસંગ નદી ઉ આવેલું કપાસ, ઈમારતી કાટમાળ અને લાખકામનું કેન્દ્ર છે. રેલ્વેસ્ટેશ છે. મોચીકામના કારીગરો પણ છે.

## પ્રકરણ : ૩

## લઘુ વિસ્તારની સામાજિક સંરચના

વડોદરા જિલ્લાની કુલ વસ્તી ૧૯૭૧ની વસતિગણતરી પ્રમા
૧૯,૮૦૦૬૫ની હતી. તેમાં પુરુષો ૧૦,૪૧,૭૧૭ હતા જયારે સ્ત્રીઓ
૯,૩૮,૩૮૮ હતી. ૧૯૮૧ માં જિલ્લાની કુલ વસ્તી ૨૫,૫૮,૦૯૨ની
હતી તેમાં પુરુષો ૧૩,૩૫,૩૩૮ હતા અને સ્ત્રીઓ ૧૨,૨૨,૭૫૪ હતી
દશકામાં જિલ્લાનો વસતિ વધા રો ૨૯.૧૯ ટકા હતો.

સંખેડા તાલુકાની ૧૯૭૧ની વસતિ ૧,૩૩,૬૭૬ની હતી જેમાં
પુરુષોની સંખ્યા ૬૯,૪૫૨ની અને સ્ત્રીઓની સંખ્યા ૬૪,૨૨૪ની હતી.
અનુસૂચિત જાતિની કુલ વસતિ ૬,૮૩૨ ની હતી તેમાં પુરુષો ૩,૫૨
અને સ્ત્રીઓ ૩,૩૧૨ હતી જયારે અનુસૂચિત જાજાતિની કુલ વસતિ
૫૧,૩૪૭ હતી. તેમાં પુરુષો ૨૬,૫૧૪ હતા અને સ્ત્રીઓ ૨૪,૮૩૩

સંખેડા તાલુકાની ૧૯૮૧ની કુલ વસતિ ૬૪,૧૧૬ની હતી તેમાં
પુરુષો ૩૩,૩૬૮ અને સ્ત્રીઓ ૩૦,૭૪૮ હતી. અનુસૂચિત જાતિની
કુલ ૭,૫૫૭ની વસતિમાં પુરુષો ૩,૯૦૭ હતા અને સ્ત્રીઓ ૩,૬૫૦
હતી. અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૫૬,૫૫૯ માં પુરુષો ૨૯,૪
હતા. અને સ્ત્રીઓ ૨૭, ૦૯૮ હતી.

સંખેડા તાલુકામાં આવેલા વડેલી પોકેટમાં કુલ ૫૩ ગામો છે.
આ ગામોના નામો તથા ૧૯૭૧ અને ૧૯૮૧ની કુલવસતિ તથા અનુ-
સૂચિત જાતિ અને જનજાતિની વસતિની વિગતો નીચેના કોઠામાં
દર્શાવી છે.

## પોકેટ વિસ્તારમાં વસતિ દર્શાવતો કોઠો

| અનુ. નં. | ગામનું નામ | કુલ વસ્તી (૧૯૭૧ પ્રમાણે) | | | કુલ વસ્તી (૧૯૮૧ પ્રમાણે) | | | અનુ.જાતિ (૧૯૭૧) | | અનુ.જાતિ (૧૯૮૧) | | અનુ.જનજાતિ (૧૯૭૧) | | અનુ. જનજાતિ (૧૯૮૧) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી |
| ૧. | સુંદરપુરા | ૨૩૫ | ૨૧૮ | ૪૫૩ | ૨૪૭ | ૨૩૫ | ૪૮૨ | ૩ | ૧ | ૩ | ૨ | ૭૨ | ૭૬ | ૭૦ | ૬૫ |
| ૨. | ઢોલી | – | – | – | ૫૧૩ | ૪૬૬ | ૯૭૯ | – | – | ૨૯ | ૨૮ | – | – | ૨૦૦ | ૧૭૮ |
| ૩. | તલકપુર | ૧૬૧ | ૧૫૨ | ૩૧૩ | ૧૬૭ | ૧૫૪ | ૩૨૧ | – | – | – | – | ૧૫૧ | ૧૪૮ | ૧૪૮ | ૧૪૭ |
| ૪. | અજાણપુર | ૧૬૭ | ૧૫૨ | ૩૧૯ | ૧૭૮ | ૧૭૪ | ૩૫૨ | ૨૧ | ૧૮ | ૧૭ | ૧૮ | ૧૫ | ૧૩ | ૧૦ | ૧૩ |
| ૫. | ગરોલ | ૨૫૩ | ૨૩૮ | ૪૯૧ | ૨૮૮ | ૨૩૪ | ૫૨૨ | – | – | – | – | ૭૨ | ૭૬ | ૭૨ | ૬૦ |
| ૬. | પતલપુર | ૭૬ | ૭૫ | ૧૫૧ | ૯૬ | ૧૦૩ | ૧૯૯ | – | – | ૬૮ | ૮ | ૭૨ | ૭૪ | ૯૩ | ૯૬ |
| ૭. | લઢોદ | ૮૮૦ | ૮૬૨ | ૧૭૪૨ | ૧૦૦૫ | ૯૫૨ | ૧૯૫૭ | ૩૭ | ૩૫ | ૪૧ | ૪૨ | ૪૧૩ | ૪૧૩ | ૪૬૨ | ૪૬૦ |
| ૮. | જાંગીપુરા | ૧૫૯ | ૧૬૦ | ૩૧૯ | ૧૬૦ | ૧૪૭ | ૩૦૭ | – | – | – | – | ૧૨૨ | ૧૨૪ | ૧૦૫ | ૧૦૦ |
| ૯. | ધરોલી | ૨૫૪ | ૨૫૩ | ૫૦૭ | ૨૯૭ | ૨૯૫ | ૫૯૨ | ૪ | ૪ | ૪ | ૫ | ૧૫૯ | ૧૭૪ | ૧૭૮ | ૧૮૩ |
| ૧૦. | ધોલપુર | ૫૬૦ | ૫૫૩ | ૧૧૧૩ | ૩૧૪ | ૨૭૮ | ૫૯૨ | ૪ | ૪ | ૩૯ | ૪૨ | ૫૦૮ | ૫૦૭ | ૧૬૪ | ૧૩૭ |
| ૧૧. | ભૂકાલી | ૧૮૭ | ૧૬૦ | ૩૪૭ | ૧૯૩ | ૨૧૦ | ૪૦૨ | ૩ | ૩ | ૩ | ૭ | ૧૭૫ | ૧૫૦ | ૧૮૫ | ૧૯૮ |
| ૧૨. | સૂર્યા | ૫૪૬ | ૪૯૫ | ૧૦૪૧ | ૫૬૨ | ૫૦૨ | ૧૦૬૪ | ૧૬ | ૫ | ૨૮ | ૫ | ૪૧૨ | ૪૦૯ | ૩૯૯ | ૩૮૮ |
| ૧૩. | લોટીયા | ૩૪૮ | ૩૧૨ | ૬૬૦ | ૩૭૭ | ૩૨૦ | ૬૯૭ | ૧૨ | ૧૦ | ૪ | ૨ | ૨૯૮ | ૨૩૬ | ૨૮૦ | ૨૩૭ |
| ૧૪. | ઉન્ડી | ૨૧૩ | ૨૦૬ | ૪૧૯ | ૧૯૯ | ૧૯૩ | ૩૯૨ | ૫ | ૩ | ૪ | ૧ | ૧૯૫ | ૧૯૧ | ૧૮૦ | ૧૦૯ |
| ૧૫. | ભૂલવણી | ૫૧૭ | ૫૧૧ | ૧૦૨૮ | ૫૭૦ | ૫૨૪ | ૧૦૯૪ | ૧૩ | ૧૭ | ૧૯ | ૧૪ | ૨૦૮ | ૨૧૪ | ૨૩૨ | ૨૨૬ |

કોઠા નં.૩:૧ (ચાલુ)



| અનુ. | ગામનું નામ | કુલ વસ્તી (૧૯૭૧ પ્રમાણે) | | | કુલ વસ્તી (૧૯૮૧ પ્રમાણે) | | | અનુ.જાતિ (૧૯૭૧) | | અનુ.જાતિ (૧૯૮૧) | | અનુ.જનજાતિ (૧૯૭૧) | | અનુ.જનજાતિ (૧૯૮૧) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી |
| ૧૭. | અબદ્યારપુરા | ૧૩૬ | ૧૧૪ | ૨૫૦ | ૧૩૩ | ૧૧૪ | ૨૪૭ | – | – | – | – | ૧૧૬ | ૯૬ | ૧૩૩ | ૧૧૪ |
| ૧૮. | ગોલાગામડી | ૨૯૯ | ૩૧૨ | ૬૧૧ | ૫૬૫ | ૩૫૭ | ૯૨૨ | ૩ | ૭ | ૨૯ | ૯ | ૨૬૭ | ૨૬૫ | ૩૯૩ | ૨૮૧ |
| ૧૯. | કન્ટેવાળ | ૨૩૩ | ૨૧૪ | ૪૪૭ | ૨૩૨ | ૨૨૦ | ૪૫૨ | ૨૨ | ૨૪ | ૨૫ | ૨૨ | ૧૦૫ | ૮૯ | ૧૧૦ | ૯૭ |
| ૨૦. | ખેરવા | ૧૧૪ | ૧૦૯ | ૨૨૩ | ૧૫૩ | ૧૪૨ | ૨૯૫ | – | – | – | – | ૭૨ | ૬૭ | ૯૪ | ૮૪ |
| ૨૧. | ગોજપુર | ૧૨૩ | ૧૦૧ | ૨૨૪ | ૧૨૪ | ૧૧૨ | ૨૩૬ | – | – | – | – | ૧૦૮ | ૯૦ | ૧૦૯ | ૧૦૦ |
| ૨૨. | નુરપુર | ૯૯ | ૧૦૦ | ૧૯૯ | ૬૮ | ૮૩ | ૧૫૧ | – | – | – | – | ૯૯ | ૧૦૦ | ૬૪ | ૮૦ |
| ૨૩. | ફતેપુર | ૨૧૦ | ૨૦૪ | ૪૧૪ | ૨૯૯ | ૨૫૮ | ૫૫૭ | ૫ | ૪ | ૮૨ | ૭૪ | ૮૭ | ૯૬ | ૧૨૦ | ૧૨૪ |
| ૨૪. | વડેલી | ૫૭૨ | ૫૦૬ | ૧૦૭૮ | ૫૮૩ | ૫૭૨ | ૧૧૫૫ | ૧૩૫ | ૧૧૬ | ૧૦૭ | ૧૧૩ | ૨૯૭ | ૨૫૯ | ૩૦૮ | ૨૮૮ |
| ૨૫. | બીલીયા | – | – | – | ૧૯૦ | ૧૬૦ | ૩૪૯ | – | – | ૯૩ | ૮૪ | – | – | ૮૭ | ૮૪ |
| ૨૬. | કાકર | ૧૩૭ | ૧૩૦ | ૨૬૭ | ૧૫૩ | ૧૪૬ | ૨૯૯ | ૧૬ | ૨૧ | ૨૫ | ૨૬ | ૧૧૩ | ૯૬ | ૧૧૫ | ૧૧૭ |
| ૨૭. | પીછુવાડા | ૪૯૨ | ૪૭૬ | ૯૬૮ | ૪૯૫ | ૪૮૦ | ૯૭૫ | ૧૧ | ૧૩ | ૪ | ૪ | ૨૦૭ | ૧૯૩ | ૧૯૫ | ૧૮૬ |
| ૨૮. | ગણેશવાડ | ૬૪૯ | ૫૯૬ | ૧૨૪૫ | ૭૩૯ | ૬૬૮ | ૧૪૦૭ | – | – | ૮ | ૮ | ૫૬૦ | ૫૨૩ | ૬૪૨ | ૬૦૦ |
| ૨૯. | તાંદલજા | ૮૪૦ | ૭૭૯ | ૧૬૧૯ | ૧૧૫૯ | ૧૦૬૭ | ૨૨૨૬ | ૬૧ | ૫૦ | ૬૫ | ૫૬ | ૩૩૩ | ૩૩૭ | ૫૪૧ | ૫૧૧ |
| ૩૦. | ભોજપુર | ૧૭૨ | ૧૫૭ | ૩૨૯ | ૨૨૭ | ૧૮૧ | ૪૦૮ | – | – | – | – | ૧૩૦ | ૧૨૨ | ૧૭૫ | ૧૨૯ |
| ૩૧. | ચીકકાચેડા | ૨૫૯ | ૨૫૦ | ૫૦૯ | ૩૧૯ | ૨૯૨ | ૬૧૧ | ૧ | ૧ | – | – | ૧૯૮ | ૧૯૫ | ૨૨૪ | ૨૦૦ |
| ૩૨. | હંસાપુરા | ૧૨૬ | ૧૨૯ | ૨૫૫ | ૧૪૫ | ૧૪૦ | ૨૮૫ | – | – | – | – | ૧૨૩ | ૧૨૭ | ૧૪૩ | ૧૩૭ |

| અનુ. નં. | ગામનું નામ | કુલ વસ્તી (૧૯૭૧ પ્રમાણે) | | | કુલ વસ્તી (૧૯૮૧ પ્રમાણે) | | | અનુ.જાતિ (૧૯૭૧) | | અનુ.જાતિ (૧૯૮૧) | | અનુ.જનજાતિ (૧૯૭૧) | | અનુ.જનજાતિ (૧૯૮૧) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી | પુરુષો | સ્ત્રી |
| ૩૩. | અબાપુર | ૩૬૮ | ૩૨૬ | ૬૯૪ | ૩૮૭ | ૩૮૨ | ૭૬૯ | ૯ | ૧૩ | ૮ | ૧૦ | ૧૬૭ | ૧૪૫ | ૧૧૨ | ૧૦૬ |
| ૩૪. | કુછાટા | ૨૩૧ | ૨૦૮ | ૪૩૯ | ૨૪૪ | ૨૧૪ | ૪૫૮ | – | – | – | – | ૧૯૩ | ૧૭૩ | ૨૧૩ | ૧૮૧ |
| ૩૫. | વજેલીયા | ૨૪ | ૧૬ | ૪૦ | ૩૨ | ૩૨ | ૬૪ | – | – | – | – | ૨૪ | ૧૬ | ૩૧ | ૩૨ |
| ૩૬. | ઝાંપા | ૮૨ | ૮૧ | ૧૬૩ | ૬૨ | ૭૦ | ૧૩૨ | – | – | – | – | ૮૨ | ૮૧ | ૬૨ | ૭૦ |
| ૩૭. | નાગરવાડા | ૧૦૫ | ૯૯ | ૨૦૪ | ૯૦ | ૯૦ | ૧૮૦ | – | – | – | – | ૧૦૫ | ૯૯ | ૯૦ | ૯૦ |
| ૩૮. | સરસીંડા | ૨૪૫ | ૨૨૪ | ૪૬૯ | ૨૪૪ | ૨૧૬ | ૪૬૦ | – | – | – | – | ૨૦૯ | ૧૮૮ | ૨૦૦ | ૧૭૬ |
| ૩૯. | માનપુરા | ૫૩ | ૪૬ | ૯૯ | ૪૪ | ૩૮ | ૮૨ | – | – | – | – | ૫૩ | ૪૬ | ૪૨ | ૩૭ |
| ૪૦. | ખાંડુપુરા | ૧૦૩ | ૮૦ | ૧૮૩ | ૧૧૫ | ૮૮ | ૨૦૩ | – | – | – | – | ૧૦૧ | ૮૦ | ૧૧૫ | ૮૮ |
| ૪૧. | ઓરેગલા | ૧૮૪ | ૧૭૩ | ૩૫૭ | ૨૧૧ | ૧૮૩ | ૩૪૯ | ૨ | ૩ | ૭ | ૪ | ૧૦૨ | ૧૧૫ | ૧૦૮ | ૧૦૧ |
| ૪૨. | સરદારપુરા | ૪૨ | ૪૫ | ૮૭ | ૧૭૮ | ૧૭૪ | ૩[illegible]૨ | – | – | ૧૭ | ૧૮ | ૩૮ | ૪૪ | ૧૦ | ૧૩ |
| ૪૩. | કુબેરપુરા | ૮૦ | ૬૬ | ૧૪૬ | ૯૩ | ૯૨ | ૧૮૫ | – | – | – | – | ૮૦ | ૬૬ | ૯૩ | ૯૨ |
| ૪૪. | રામસીંગપુરા | ૫૪ | ૫૨ | ૧૦૬ | ૫૮ | ૫૮ | ૧૧૬ | – | – | – | – | ૫૩ | ૫૦ | ૬૪ | ૫૦ |
| ૪૫. | વટવારીયા | ૨૧૧ | ૧૯૨ | ૪૦૩ | ૨૭૪ | ૨૭૧ | ૫૪૫ | – | – | – | – | ૨૦૮ | ૧૯૧ | ૨૭૩ | ૨૬૪ |
| ૪૬. | પીપલસ | ૫૪૭ | ૫૩૬ | ૧૦૮૩ | ૬૦૪ | ૫૬૩ | ૧૧૬૭ | ૧૨૦ | ૧૩૦ | ૧૫૪ | ૧૬૦ | ૨૪૦ | ૨૩૮ | ૨૯૧ | ૨૬૧ |

કોઠા નં.૩:૧ (ચાલુ)



| અનુ. નં. | ગામનું નામ | કુલ વસ્તી (૧૯૭૧ પ્રમાણે) | | | કુલ વસ્તી (૧૯૮૧ પ્રમાણે) | | | અનુ.જાતિ (૧૯૭૧) | | અનુ.જાતિ (૧૯૮૧) | | અનુ.જનજાતિ (૧૯૭૧) | | અનુ.જનજાતિ (૧૯૮૧) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૪૭. | અરીઠા | ૨૪૨ | ૨૩૮ | ૪૮૦ | ૩૨૧ | ૨૭૮ | ૫૯૯ | ૨૫ | ૩૪ | ૨૫ | ૨૨ | ૧૪૦ | ૧૩૪ | ૧૮૦ | ૧૫૧ |
| ૪૮. | ગોવિંદપુરા | ૬૩ | ૬૫ | ૧૨૮ | ૯૬ | ૯૦ | ૧૮૬ | – | – | – | – | ૬૩ | ૬૫ | ૭૬ | ૭૫ |
| ૪૯. | વડાલી | | | | ૫૮૩ | ૫૭૨ | ૧૧૫૫ | – | – | ૧૦૭ | ૧૧૩ | | | ૩૦૮ | ૨૮૮ |
| ૫૦. | ગોજીપુરા | ૨૬૩ | ૨૫૨ | ૫૧૫ | ૩૦૫ | ૨૬૯ | ૫૭૪ | ૧ | ૪ | ૭ | ૪ | ૨૯ | ૩૦ | ૨૭ | ૨૫ |
| ૫૧. | ધોડા(ઓગલી) | ૧૦૮ | ૯૪ | ૨૦૨ | ૧૨૧ | ૯૪ | ૨૧૫ | – | – | – | – | ૧૦૮ | ૯૪ | ૧૨૧ | ૯૪ |
| ૫૨. | વાઘેતા | | | | | | | | | | | | | | |
| ૫૩. | બમરોઈ | ૧૦૧ | ૯૬ | ૧૯૭ | ૧૨૩ | ૧૦૯ | ૨૩૨ | – | – | – | – | ૧૪ | ૧૩ | ૧૩ | ૧૦ |

## પસંદ કરેલા ગામોમાં આદિવાસીઓની વસ્તી :

સર્વેક્ષણમાં પસંદ કરેલા પાંચ ગામોમાં આદિવાસીઓની કુલ વસ્તી કોળી હતી તેમાં પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ તથા તેઓના વયજૂથની વિગતો અને પરણિત અને અપરણિત પુરુષ સ્ત્રીની વિગતો હવે આપણે જોઈશું.

સર્વેક્ષણ કરેલ ગામોમાં કુલ ૩૧૭ પુરુષો અને ૨૬૬ સ્ત્રીઓ હતી. સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા ૫૧૬ હતી. પુરુષોમાં ૦ થી ૬ વર્ષની વયના ૫૬ પુરુષો, ૭ થી ૧૪ વર્ષની વયના ૬૪ પુરુષો, ૧૫ થી ૨૪ વર્ષની વયના ૬૨ પુરુષો, ૨૫ થી ૩૫ વર્ષની વયના ૭૫, ૩૬ થી ૬૦ ની વયના ૫૨ અને ૬૦ વર્ષની વય ધરાવતા ૭ પુરુષો હતા સૌથી વધુ પુરુષો ૨૫ થી ૩૫ વયની ઉંમર ધરાવતા હતા.

સ્ત્રીઓમાં ૪૯ ૦ થી ૬ વર્ષની, ૫૪ સ્ત્રીઓ ૭ થી ૧૪, ૫૨ સ્ત્રીઓ ૧૫ થી ૨૪ વર્ષની, ૬૨ સ્ત્રીઓ ૨૫ થી ૩૫ વર્ષની વય ધરાવતી હતી, ૩૬ થી ૬૦ વર્ષની વયધરાવતી ૪૮ સ્ત્રીઓ હતી જયારે ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતી સૌથી ઓછી માત્ર ૩ સ્ત્રીઓ જ હતી.

૨૫ થી ૩૫ વયની ઉંમર ધરાવતા સૌથી વધુ ૭૫ પુરુષો અને ૬૨ સ્ત્રીઓ જોવા મળી હતી જેઓ કામ કરી શકે તેવા યુવાન હતા.

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૧૦૦ કુટુંબોમાં કુલ ૩૧૭ પુરુષો હતા અને ૨૬૬ સ્ત્રીઓ હતી ૧૪૫ પુરુષો અને ૧૪૪ સ્ત્રીઓ પરિણિત હતા. અપરણિત ૧૬૨ પુરુષો અને ૧૨૨ સ્ત્રીઓ હતી. ૮ વિધુર હતા, ૧૦ વિધવાઓ હતી જયારે છૂટા છેડા લીધેલા માત્ર ૨ પુરુષો હતા. પરિણિત પુરુષ અને સ્ત્રીઓમાં ઝાઝો ફરક જોવા મળતો નથી જયારે અપરણિત પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતા વધુ જોવા મળી હતી.

વડેલી પોકેટ તાલુકો: સંખેડા

| ક્રમ | ગામનું નામ | જાતિ | સંખ્યા | ૦ થી ૬ વર્ષ | | ૭ થી ૧૪ | | ૧૫ થી ૨૪ | | ૨૫ થી ૩૫ | | ૩૬ થી ૬૦ | | ૬૦થી ઉપર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. |
| ૧. | પીછુવાડા | તડવી | ૨૦ | ૧૦ | ૧૪ | ૧૦ | ૧૧ | ૮ | ૯ | ૧૮ | ૧૪ | ૧૦ | ૧૦ | – | – | ૫૬ |
| ૨. | નાગરવાડા | તડવી | ૨૦ | ૧૧ | ૭ | ૧૧ | ૮ | ૯ | ૮ | ૧૬ | ૧૨ | ૧૩ | ૧૦ | ૧ | – | ૬૧ |
| ૩. | નાના અલ્હાદપુરા | તડવી | ૨૦ | ૯ | ૯ | ૧૪ | ૧૧ | ૧૬ | ૭ | ૧૦ | ૮ | ૧૨ | ૧૧ | ૩ | – | ૬૪ |
| ૪. | ગોવિંદપુરા | તડવી | ૬ | ૨ | ૨ | ૨ | ૨ | ૫ | ૧ | ૪ | ૪ | ૨ | ૩ | – | – | ૧૫ |
| | | વસાવા | ૧૪ | ૧૧ | ૪ | ૧૦ | ૧૧ | ૮ | ૪ | ૯ | ૧૧ | ૭ | ૫ | – | – | ૪૫ |
| ૫. | લઢોદ | તડવી | ૧૨ | ૭ | ૬ | ૧૨ | ૬ | ૧૨ | ૧૪ | ૧૧ | ૯ | ૪ | ૩ | ૧ | ૨ | ૪૭ |
| | | નાયકા | ૮ | ૬ | ૭ | ૪ | ૫ | ૫ | ૭ | ૮ | ૪ | ૪ | ૬ | ૨ | ૧ | ૨૯ |
| | | કુલ | | ૫૬ | ૪૯ | ૬૪ | ૫૪ | ૬૨ | ૫૨ | ૭૫ | ૬૨ | ૫૨ | ૪૮ | ૭ | ૩ | ૩૧૭ ૨ |

કોઠા : [illegible] વવાહિક દરજ્જા દર્શાવતા કોઠો

| ક્રમ | ગામનું નામ | જાતિ | કુટુંબ સંખ્યા | પરિણિત પુ. | પરિણિત સ્ત્રી | અપરિણિત પુ. | અપરિણિત સ્ત્રી | વિધુર પુ. | વિધવા સ્ત્રી | છુટા છેડા પુ. | છુટા છેડા સ્ત્રી | કુલ પુરુષો | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પીછુવાડા | તડવી | ૨૦ | ૩૩ | ૩૨ | ૨૩ | ૨૫ | – | ૧ | – | – | ૫૬ | ૫૮ |
| ૨. | નાગરવાડા | તડવી | ૨૦ | ૨૪ | ૨૬ | ૩૨ | ૧૭ | ૫ | ૨ | – | – | ૬૧ | ૪૫ |
| ***<br>૩. | નાના અખત્યારપુરા | તડવી | ૨૦ | ૨૬ | ૨૩ | ૩૩ | ૨૧ | ૩ | ૨ | ૨ | – | ૬૪ | ૪૬ |
| ૪. | ગોવિંદપુરા | તડવી | ૬ | ૭ | ૭ | ૮ | ૪ | – | ૧ | – | – | ૧૫ | ૧૨ |
| | | વસાવા | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૯ | ૧૭ | – | – | – | – | ૪૫ | ૩૫ |
| ૫. | લઢોદ | તડવી | ૧૨ | ૨૨ | ૨૧ | ૨૫ | ૧૬ | – | ૩ | – | – | ૪૭ | ૪૦ |
| | | નાયકા | ૮ | ૧૭ | ૧૭ | ૧૨ | ૧૨ | – | ૧ | – | – | ૨૯ | ૩૦ |
| | | કુલ | | ૧૪૫ | ૧૪૪ | ૧૬૨ | ૧૧૨ | ૮ | ૧૦ | ૨ | – | ૩૧૭ | ૨૬૬ |

પોકેટ વિસ્તારમાં વસતી અન્ય જ્ઞાતિઓ :

પોકેટ વિસ્તારમાં આદિવાસીઓ સહિત અન્ય જ્ઞાતિઓનો પણ વસવાટ છે. જેમ કે ઉચ્ચ વર્ણમાં પટેલ, રજપૂત, લુહાર, સુથાર, બ્રાહ્મણ, રબારી, વાણિયા વગેરે, પછાત જ્ઞાતિઓમાં બારીયા, વણકર, ચમાર ભંગી, વાઘરી અને અન્ય જ્ઞાતિઓમાં મુસલમાન, તથા ખુબજ ઓછા સીંધીઓ વસે છે.

આ બધી જ્ઞાતિઓમાં રજપૂત, પટેલ, બારીયા વગેરે જમીનો ધરાવે છે. સારા સાધન સંપની કુટુંબો આ જ્ઞાતિના આ વિસ્તારમાં જોવા મળે છે. તેઓ પાસે ખેતીના પુરતા સાધનો જોવા મળે છે. પછાત જ્ઞાતિઓમાં મોટાભાગે આદિવાસીઓને પોતાને ત્યાં ખેતમજુરીએ રાખે છે. ગામમાં ખુબજ ઓછા ઘરો હોય છતાં પણ આખા ગામની જમીનો તેમના દસ્તક હોય તેવા દાખલા જોવા મળ્યા હતા. દા.ત. લઢોદ ગામના તડવી આદિવાસીઓએ જોગમાઈ દરમ્યાન જણાવ્યું હતું કે આ ગામ આદિવાસીઓનું હતું છેલ્લા ૧૦ વર્ષ થયા પટેલોને અહીં આવ્યે. આજે મોટાભાગની જમીન તેઓ પાસે છે. આદિવાસી કે જેઓ જમીન માલિક હતા તેઓ ખેતમજુર થઈ ગયા છે.

તેવીજ રીતે પસંદ કરેલા ગામોમાં નાગરવાડા ગામ તથા પીછુવાડા ગામ સંપૂર્ણ આદિવાસીઓનું છે તેઓની મોટાભાગની જમીનો બિન આદિવાસીઓ પાસે જોવા મળે છે. આર્થિક સ્થિતિ ને કારણે તેઓ જમીન વેચી દે છે. તેમ ક્ષેત્રકાર્ય ધ્વારા જાણવા મળ્યું હતું.

આદિવાસી જાતિઓ :

(૧) તડવી :

વડેલી પોકેટના ગામોમાં તડવીઓ મોટાભાગે ખેતમજુરી કરે છે અત્યંત ગરીબીમાં તેવો જીવન ગુજારે છે. ખેત મજુરી કાયમી મળતી નથી. બાકીના દીવસો ઘેરજ રહેવું પડે છે. ખેતમજુરીની આવક સાથે થોડા ઘણાં કુટુંબો પાસે પશુપાલનમાં બકરા તથા ભેંસ

જોવા મળે છે. આ સિવાય બીજુ કોઈ અર્થઉપાર્જન નુ સાધન હોતુ નથી. તેઓના સામાજિક રીતરિવાજો પરંપરાગત ચાલ્યા આવતા હોય છે. તેઓમાં જાતિપંચ હોય છે અને તેના ધારાધોરણ પ્રમાણે સામાજિક રીત રિવાજોમાં વર્તવાનુ હોય છે પસંદ કરેલા ગામોમાં ૨૨ કુટુંબો જમીન ધરાવતા હતા જ્યારે ૫૬ કુટુંબો જમીન વિહોણા હતા. જમીનવાળા તડવી કુટુંબો પાસે ખેતીના પુરતા સાધનો નથી જમીન પણ ખુબજ ઓછી જોવા મળે છે. જમીન બીન ફળદ્રુપ હોય છે. ખેતીના સાધનોનથી તેથી ઘણાં કુટુંબો ભાડે સાધનો લાવીને ખેતી કરતા જોવા મળ્યા હતા.

(૨) વસાવા :

વડેલી પોકેટના પસંદ કરેલા ગામોમાં ૭ કુટુંબો જમીન વાળા હતાં જ્યારે ૭ કુટુંબો જમીન વિહોણા હતા જે ખેતમજુરી કરતા હતા. પોકેટના સમગ્ર ગામોનુ ચિત્ર જોઈએ તો મોટા ભાગે ના કુટુંબો મજુરી પર નિર્ભર હતા. ખુબજ ઓછા કુટુંબો પશુપાલન કરતા હતા. જમીનવાળા કુટુંબો પાસે પુરતા ખેતીના સાધનો ન હતા. ક્ષેત્રકાર્ય દરમ્યાન તેઓને સરકારી કોઈ યોજનાનો લાભ મળ્યા નથી એવી રજુઆત કરી હતી.

વસાવા પરંપરાગત રીતરિવાજો મુજબ સામાજિક વ્યવહારો કરતા હોય છે. જન્મથી માંડીને મૃત્યુ સુધીના રીવાજોમાં તે જોઈ શકાય છે.તેઓનુ જાતિપંચ હોય છે. અને તેના નિયમાનુસાર રીવાજોમાં વર્તવાનુ હોય છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન લગ્ન કરતાં પણ તેઓનુ જીવન ધોરણ નીચુ જોવા મળ્યુ હતુ. વસાવાઓ શિક્ષણ પણ લગભગ નહીંવત જોવા મળ્યુ હતુ.

(૩) નાયકા :

પોકેટ વિભાગમાં નાયકા જાતિનો પણ સમાવેશ થતો હતો તેઓનુ આર્થિક જીવન કફોડી ભર્યુ જોવા મળ્યુ હતુ. તેઓમાં જમીન વિહોણા કુટુંબોની સંખ્યા વધુ છે. જમીનવાળા લગભગ નહીંવત છે. નાયકાઓ અન્ય આદિવાસીઓની જેમ ખેતમજુરી કરે છે. ગીરનારીવાળા ઘેર બેસી રહેવુ પડે છે. અને તેથી તેઓને દેવુ પણ થઈ જાય છે. તડવી વસાવા કરતાં પણ તેઓ આર્થિક રીતે વધુ

કંગાળ લાગે છે. તેઓના પશુપાલન નહીંવત છે. ગરીબીને કારણે શિક્ષણ પણ પોતાના બાળકોને આપી શકતા નથી એમ ક્ષેત્રકાર્ય વખતે જાણવા મળ્યું હતું. તેઓ પોતાના રીતરિવાજો પરંપરાગત રીતે કરતા હોય છે. તેઓનું પણ અન્ય આદિવાસીઓની જેમ જાતિ પંચ હોય છે. તેના જાતિ નિયમ મુજબ ફરજિયાત વર્તવાનું હોય છે.

બ્રણે આદિવાસી જાતિઓમાં વ્યસન તરીકે દારૂનું પ્રમાણ જોવા મળ્યું હતું.

અભ્યાસ માટે પસંદ કરેલા ગામોનો પરિચય :

(૧) પીછુવાડા :

પીછુવાડા ગામ સંખેડા તાલુકામાં વરસંગ નદીના કિનારા પર આવેલું છે. નદીમાં પૂર આવે ત્યારે બાજુના ઢેબર પુરાગામમાં ગામવાસીઓને જતુ રહેવું પડે છે. ગામમાં માત્ર તડવી આદિવાસીઓ જ વસે છે. તેઓના ૧૫ ઘરો છે. આ ગામ પહેલા મોટું હતું. ધીમે ધીમે ભાંગતું ગયું છે. અવાર નવાર પૂર આવતું હોવાથી કોઈ રહેવાનું પસંદ કરતુ નથી.

ગામમાં ૬ કુવાઓ છે ૨ પાકા છે અને ૪ કાચા છે. હેન્ડપંપ છે. પોસ્ટ ઓફીસ પણ છે. નિશાળ બાજુના ગામ કાકડમાં છે જે આ ગામથી ૦।। કિ.મી દૂર છે. ગામમાં દવાખાનુંનથી. અહીંના આદિવાસીઓ દેશી નળિયાવાળા કાચા ઘરોમાં રહે છે. વાસમાં કુલ ૮ થાંભલા છે. તેમાં ૨ ચાલુ છે અને ૬ બંધ છે તેમના ઘરોમાં વીજળી નથી.

અહીંના આદિવાસીઓ પહેલા જમીન માલીક હતા આજે ખેતમજૂરી કરે છે તેમની પાસેથી આજુબાજુના બારીયાઓએ જમીન લઈ લીધી છે તેમ તેઓ કહેતા હતા.

મોટાભાગે અહીંના આદિવાસીઓનું જીવન ખેતમજૂરી પર નિર્ભર છે ખેતમજૂર તરીકે ૫ રૂા. રોજ અને એક ટાઈમ ખાવાનું આપે

...૩૦

છે. મજૂરી સ્થાનિક ન મળે તો ૫ કિ.મી. દૂર વડેલી, ગેરમાઈ તથા ચોરવાડા સુધી જાય છે.

આ સિવાય થોડીઘણી ખેતી છે પરંતુ પૂરતા સાધનોના અભાવે ખેતીમાં જોઈએ એટલું ઊપજતું નથી. બીજું કે અહીંના કેટલાક કુટુંબોને દૂધ સહકારી મંડળી દ્વારા ભેંસો અપાઈ છે. બે કિસ્સાતો એવો મળી ગઈ હોય તેવા પણ જાણવા મળ્યા હતા. અપાયેલી ભેંસો ઘણી દૂબળી હતી એમ તેઓએ કહ્યું હતું. તેઓને હજુ સુધી વિમા કંપની દ્વારા કંઈ વળતર મળ્યું નથી. એવી રજૂઆત કરી હતી. ગોચરની જમીનમાં નીલગીરી વાવી હોવાથી ગૌચરની જમીન રહી નથી હવે આદિવાસીઓ ગાય-ભેંસ ચરાવે ક્યાં ? તે મોટો પ્રશ્ન છે. ઘાસ વેચાતું લાવીને ખવરાવવાની શક્તિ ન હોય તેથી ભેંસ મરી જાય છે. લોન ભરપાઈ ન થઈ હોય અને ભેંસ મરી જાય છે તેથી તે દેવામાં ડૂબી જાય છે.

અહીંના આદિવાસીઓમાં દારુના સેવનનું પ્રમાણ ખૂબજ પ્રમાણમાં જોવા મળ્યું હતું.

(૨) લઢોદ :

લઢોદ ગામ સંખેડા તાલુકા મથકેથી ૨૦ કિ.મી. દૂર આવેલું છે. ગામનો વિસ્તાર ૧ કી.મી માં પથરાયેલો છે.

મૂળ આ ગામ સંપૂર્ણ આદિવાસીઓનું હતું પટેલો બહારથી આવીને વસ્યા અને આદિવાસીઓની જમીન કબજે કરી લીધી. ધીમે ધીમે અન્ય જાતિઓ પણ આવીને તેમાં વસવાટ કરવા લાગી.

ગામમાં પટેલોના ૨૫ ઘર, રજપૂતના ૪૦, તડવીના ૧૧૨, નાયક - ૬૨, વણકર-૧૦, ચમાર-૧૦, લુહાર-૧, મુસલમાન-૧ અને બ્રાહ્મણનું પણ એક ઘર છે.

ગામમાં ૨ તળાવ છે. એક ગામમાં છે અને બીજુ ગામ બહાર છે બાલમંદિર તથા પ્રાથમિક શાળા છે આ પ્રાથમિક શાળામાં નીચે મુજબના આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

| ધોરણ | છોકરા | છોકરી |
|---|---|---|
| ૧ | ૨૦ | ૬ |
| ૨ | ૧૫ | ૪ |
| ૩ | ૧૨ | ૪ |
| ૪ | ૧૦ | - |
| ૫ | ૧૦ | ૨ |
| ૬ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૧ |
| કુલ | ૭૯ | ૧૮ |

ગામમાં જીલ્લાપંચાયત દવાખાનું છે, ૨ પેટીઓ છે બજાર નથી, ૪ કરિયાણાની દુકાનો છે. દૂધ ઉત્પાદન સહકારી મંડળી તથા વિકાસ કાર્યકારી સહકારી મંડળીઓ છે. આ બંનેમાં આદિવાસ તથા હરિજન સભ્યો છે. ગામમાં પોસ્ટ ઓફિસ છે. વોટર વર્કસની વ્યવસ્થા પણ છે. અને તે ચાલુ છે અડધા આદિવાસી મહોલ્લામાં સ્ટેન્ડ પોસ્ટ છે અડધામાં નથી. ગામમાં વીજળી છે. આદિવાસી ફળિયામાં પણ ટયુબ લાઈટ છે. ૫ થી ૭ તડવીના ઘરો સિવાય બીજા આદિવાસી ઘરો લાઈટથી વંચીત છે. ગામમાં સારણેશ્વર મહાદેવનું મંદિર આવેલુ છે. આ મંદિરમાં આદિવાસી તથા હરિજનોને જવા દે છે. પણ તેઓ જતા નથી. બોડેલીથી ત્રણ ટાઈમ બસ આવે છે પરંતુ ચોમાસામાં રસ્તો કાચો હોવાથી બસો બંધ થઈ જાય છે. હાલમાં રોડનું મેટલીંગ ચાલે છે તે થઈ જાય પછી ચોમાસામાં પણ બસની સુવિધા ચાલુ રહેશે.

ખેતીની જમીન ગોરાડુ અને કાળી છે. આ જમીનમાં ઘઉં, ડાંગર, કપાસ, મગફળી, બાજરી, મકાઈ, કેળ, તુવેર, મઠ વગેરે પાકે છે તેઓ શાકભાજી ઉગાડતા નથી.

(૩) નાગરવાડા :

નાગરવાડા ગામ સંખેડા તાલુકા મથકેથી ૩ કિ.મી. દૂર આવેલુ છે. ગામનો કુલભૌગોલિક વિસ્તાર ૨૩૭ હેકટર, ૩૭ વાર

અને ૯૯ પ્રતિવાર છે. ગામનું બસસ્ટેશન તથા રેલ્વેસ્ટેશન નથી. ગામમાં દુકાન પણ નથી. મોટાભાગનો ખરીદીનો વહેવાર તેઓ સંખેડાથી કરે છે.

ગામમાં કુલ ૩૪ ઘરો છે. બધાજ તડવી કુટુંબોના ઘરો છે. કોઈપણ અન્યજાતિ આ ગામમાં વસતી નથી. ગામથી ના કિ.મી. દૂર ઓરસંગ નદી.વહે છે. ગામમાં એક કૂવો ૭૦ ફૂટ ઊંડો છે ત્યાંથી પાણી ભરી શકાય પરંતુ તેઓના જણાવ્યા મુજબ એટલું લાંબુ દોરડુ લાવવાના પૈસા ન હોવાથી કૂવાના પાણીનો પીવામાં ઉપયોગ કરી શકતા નથી. પરંતુ નદીમાંથી પાણી ભરી લાવે છે.

ખેતી માટેની જમીન ગોરાડું અને ખાડા ટેકરાવાળી છે. જમીનમાં મકાઈ, તુવેર, અડદ, કપાસ, મગફળી, દીવેલા વગેરે પાકો થાય છે.

આ ગામ સંપૂર્ણ આદિવાસીઓનું જ છે. અહીંના આદિવાસીઓ મોટેભાગે ખેતમજૂરી પર નિર્ભર છે. થોડાઘણા કુટુંબો પાસે જમીન છે પરંતુ તે ખૂબજ ઓછા પ્રમાણમાં છે . ખેતમજૂરિમાં જે કુટુંબો કામ કરે છે તેમને એક ટાઈમ જમવાનું અને ૫ રૂપીયા દૈનિક આપવામાં આવે છે. ગામમાં ૪ કુટુંબો કડિયા કામમાં જાય છે. તેઓને રૂપીયા ૧૦ દૈનિક રોજી મળે છે.

આ ગામની કેટલીક જમીન અન્ય જાતિ (પટેલ) ધરાવે છે અહીંના આદિવાસીઓ પાસેથી પડાવી લીધી હોય કે તેઓએ વેચી દીધી હોય જે થોડી ઘણી જમીન કેટલાક આદિવાસીઓ પાસે છે. તેમની પાસે ખેતીના પૂરતા સાધનો નથી તેથી ભાડેથી ખેતીના સાધનો લાવીને ખેતી કરે છે. તેઓ દૈનિક નિયત કરેલ ભાડુ આપે છે.

(૪) <u>નાના અખત્યારપુર :</u>

તા. સંખેડા જિ. વડોદરા,

નાના અખત્યારપુરા સંખેડાથી ૩ કિ.મી. દૂર આવેલું છે.

આ ગામ સંપૂર્ણ આદિવાસી ગામ છે. ગામમાં ૨૫ ઘરો છે. આ તમામ ઘરો આદિવાસી તડવી જાતિના છે. આ ગામમાં અન્ય કોઈ જાતિ વસ્તી નથી. ગામમાં રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશન નથી. ગામથી ના કિ.મી. દૂર ઓરસંગ નદી વહે છે. ગામમાં પોસ્ટ ઓફિસ નથી, દુકાન નથી કે દવાખાનું પણ નથી. ગામવાસીઓનો બધોજ વ્યવહાર અહીંથી ૨ કી.મી. દૂર લોઢીયા અને આદરપુરથી થાય છે. ગામમાં ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળાછે. આદિવાસી બાળકો સ્કુલમાં નિયમીત જતા નથી. અહીંના આદિવાસીઓ અત્યંત ગરીબીમાં જીવન ગુજારે છે. તેમનાં ઘરો માટીના કાચા છે. તથા એક પણ ઘરમાં વીજળી નથી. તડવીવાસની વચ્ચે એક બંધ કુવો છે. હાલમાં તેમાં પીવાલાયક પાણી નથી તે કુવો સયાજીરાવ ગાયકવાડના વખતે આદિવાસીઓ માટે થયેલા કામની સાક્ષી પુરે છે.

<u>જમીન</u> : મોટાભાગની જમીન નદી કીનારે હોવાથી કોતરડાવાળી તથા ખાડાટેકરાવાળી છે.

<u>પાક</u> : અહીંના જમીનનાં ડાંગર, જુવાર, તુવેર, અને બાજરી થાય છે.

<u>ધંધાઓ</u> : અહીંના આદિવાસીઓમાં મોટાભાગના ખેત મજૂરી કરે છે. ચોમાસાના ચાર માસજ મજૂરી મળી રહે છે, મજૂરીમાં તેઓને એક ટાઈમ જમવાનું અને ૫ રૂા. આપે છે. થોડા કુટુંબો ખેતી કરે છે પરંતુ તેમની પાસે પુરતા સાધનો નથી.

(૫) <u>ગોવિંદપુરા</u> : તા. સંખેડા , જિ: વડોદરા

ગોવિંદપુરા ગામ અરીઠા ગામનું જ એક પેટાપરું છે. અરીઠાની બાજુમાંજ આવેલું છે. ગામમાં કુલ ૩૦ ઘરો આવેલા છે. તેમાં બારીયાના-૫, તડવીના-૧૦, વસાવાના-- ૧૫, ઘરો આવેલા છે. ગામનું રેલ્વેસ્ટેશન નથી, તળાવ નથી, દવાખાનું નથી કે પોસ્ટ ઓફિસ પણ નથી, પ્રાથમિક શાળા પણ નથી આ ગામના બાળકો અરીઠા પ્રાથમિક શાળામાં જાય છે. અરીઠાગામમાં પાણી

પુરવઠા ખાતાએ વારિગૃહ અહીં બે સ્ટેન્ડ પોસ્ટ મૂકી આપ્યા હોવાથી પાણીનો લાભ મળ્યો છે. સીંગોડાથી દામોદી જતો રોડ ગામની બાજુમાંથી પસાર થાય છે.
જમીન: ગોરાડુ અને કાળી જમીન છે.
**પાકો** : જુવાર, બાજરી, ડાંગર, ઘઉં, તુવેર, મગ, મઠ, મકાઈ, ગવાર, અડદ, દિવેલા, કપાસ અને ઘાસ થાય છે.

**ધંધો** : મોટાભાગના આદિવાસીઓ ખેતમજૂર તરીકે બાજુના ગામ ગરીઠામાં કામ કરવા માટે જાય છે. થોડાક કુટુંબો પાસે જમીન છે. એકાદ કુટુંબ માછીમારીનો ધંધો કરે છે. ખેતી કરતાં કુટુંબ અને માછીમારીનો ધંધો કરતાં કુટુંબ પાસે વ્યવસાયીક સાધનો પૂરતાં નથી.

વડેલી લઘુવિસ્તારના તહેવારો , મેળાઓ, ઉત્સવો, ધાર્મિક માન્યત

હિંદુધર્મના તમામ તહેવારો પોકેટ વિસ્તારના આદિવાસીઓ ઉજવે છે. દીવાળી તેઓનો મોટો તહેવાર ગણાય છે. આ દીવસે ઘરમાં લાડુ ખાવાનું બનાવે છે નવા કપડા પહેરે છે. અને દીવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવે છે. ગોકુળાષ્ટમીનો મેળો તાલુકાના મથકે ભરાય છે. આદિવાસીઓ ત્યાં જાય છે. પરંપરાગત નૃત્ય કરે છે અને મેળાની ઊજવણીમાં અન્ય જાતિઓ સાથે ભાગ લે છે.

અન્ય જાતિઓની જેમ આદિવાસીઓમાં પણ ધાર્મિક માન્યતાઓ પ્રવર્તતી હોય છે. તેઓ દેવોમાં ભગવાન શંકર, રામ, હનુમાન, ગણેશ અને બાપજી મહારાજને ખૂબજ માને છે. આ દેવોના ઉપવાસ પણ કરે છે. મુશ્કેલી પડે ત્યારે આ દેવોની બાધા પણ રાખે છે.

દરેક આદિવાસીઓ પોતાની કુળદેવીને માનતા હોય છે. તેઓની કુળદેવીઓ કાળકામાં, અંબામાં, ખોડીયારમાં, મેલડીમા વગેરે કુળદેવીના નવરાત્રિની આઠમે નવેજ ચડાવે છે. કોઈ સાજુમાંદુ થાય ત્યારે કુળદેવીની બાધા પણ રાખેછે.

...૩૫..

## આદિવાસીઓના ફળિયા:

આદિવાસીઓના ફળિયા ગામમાં બીનઆદિવાસીઓના વસવાટથી દૂર જોવા મળે છે. ફળિયામાં ઘરો ઘરબંધ લાઈનમાં હોય છે. અને છૂટાછવાયા પણ જોવા મળે છે. સંપૂર્ણ આદિવાસી ગામો જેવાં કે નાગરવાડા અને પીછવાડામાં આ પ્રકારના ઘરો ફળિયામાં જોવા મળ્યા હતા. આદિવાસીઓના ફળિયામાં બીન-આદિવાસીનું એક પણ ઘર જોવા મળતું નથી. જાતિવાર ફળિયા જુદા જુદા જોવા મળે છે. દા.ત. પસંદ કરેલા ગોવિંદપુરા ગામમાં તડવી અને વસાવાના ફળિયા જુદા જુદા જોવા મળ્યા હતા તેવીજ રીતે લઢોરગામમાં તડવી અને નાયકાના ફળિયા જુદા જુદા જોવા મળ્યા હતા.

તેઓના ફળિયાની આજુબાજું કોઈ દિવાલ કે વાડ હોતી નથી તેને પ્રવેશ ધ્વારા પણ હોતા નથી ફળિયામાં પાણીના નિકાલની પણ કોઈ વ્યવસ્થા જોવા મળતી નથી. કોઈપણ જાતની સુવિધા વિહિન ફળિયા જોવા મળે છે.

## આદિવાસી કુટુંબનું માળખું, સગાઈ સંબંધો :

પાકેટના વિસ્તારમાં વસતા આદિવાસીઓની કૌટુંબિક રચના બે પ્રકારની જોવા મળે છે. (૧) સંયુકત કુટુંબ વ્યવસ્થા (૨). કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થા.

સંયુકત કુટુંબ વ્યવસ્થામાં માતા, પિતા, ભાઈબહેન, પુત્ર, પુત્રવધુ, બધા સાથે રહેતા જોવા મળે છે. આ ઉપરાંત બે કુટુંબો પણ એક સાથે રહેતા હોય તેવુ જોવા મળ્યુ હતું. દા.ત. પિતાના બે પુત્રો ને તેઓના બાળકો સાથેજ રહેતા હોય બીજા કીસ્સામાં પોતે અને નાનાભાઈઓની પત્ની અને માતા-પિતા સાથે રહેતા જોવા મળ્યા હતા. તેને આપણે સંયુકત કુટુંબ વ્યવસ્થામાં ગણી શકાય.

કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થામાં પોતે પત્ની અને સંતાનોનો તેમાં સમાવેશ થાય છે. કેન્દ્રીય કુટુંબો સામાજિક અન ધાર્મિક પ્રસંગોએ તો સંયુકત કુટુંબમાંજ ભળી જતા હોય છે.

...૩૬..

સગાઈ સંબંધો :

| | | | જ.વગરના | ૭ | - | - | - | - | - | - | - | - |
| | | | કુલ | ૮ | | | | | | | | |
| | | | કુલ | | ૯ | - | - | - | ૨ | ૬ | ૩ | ૨ |

કોઠા નં. ૫:૮ ફળઝાડ, શાકભાજી અને વનીકરણ જરૂરિયાત દર્શાવતો કોઠો

વડેલી પોકેટ: તાલુકો: સંખેડા



| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુલ સંખ્યા | શાકભાજીવાવેતર | ફળઝાડ | ઘાસચારો | વનીકરણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પીછુવાડા | તડવી | જમીનવાળા | ૩ | – | ૩ | ૧ | – |
| | | | જ.વગરના | ૧૭ | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | | | | |
| ૨. | નાગરવાડા | તડવી | જમીનવાળા | ૯ | ૩ | ૩ | ૩ | ૪ |
| | | | જ.વગરના | ૧૧ | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | | | | |
| ૩. | નાના અખત્યારપૂરા | તડવી | જમીનવાળા | ૩ | ૨ | ૩ | – | ૧ |
| | | | જ.વગરના | ૧૭ | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | | | | |

કોઠા નં.૫:૮ ચાલુ

કોઠા નં. ૫:૮ (ચાલુ)



| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪. | ગોવિંદપૂરા | તડવી | જમીનવાળા | ૧ | – | ૧ | – | – |
| | | | જ.વગરના | ૫ | – | – | – | – |
| | | | કુલ | ૬ | | | | |
| | | વસાવા | જમીનવાળા | ૭ | ૩ | ૧ | – | ૧ |
| | | | જ.વગરના | ૭ | – | – | – | – |
| | | | કુલ | ૧૪ | | | | |
| ૫. | લઢોદ | તડવી | જમીનવાળા | ૬ | – | – | – | – |
| | | | જ.વગરના | ૬ | – | – | – | – |
| | | | કુલ | ૧૨ | | | | |
| | | નાયકા | જમીનવાળા | ૧ | – | ૧ | – | ૧ |
| | | | જ.વગરના | ૭ | – | – | – | – |
| | | | કુલ | ૮ | | | | |
| | કુલ | | | | ૮ | ૧૫ | ૪ | ૭ |

પશુપાલનની જરુરિયાત :

ગ્રામ્ય વિસ્તારમાં દિનપ્રતિદિન પશુપાલન એ પુરક રોજગારી તરીકેના વ્યવસાય તરીકે લોકો અપનાવવા લાગ્યા છે. તેની અસર આદિવાસી વિસ્તારોમાં પણ જોવા મળે છે.

વડેલી લઘુવિસ્તારના આયોજન અભ્યાસ માટે આવરી લેવાયેલા ૧૦૦ કુટુંબોની પશુપાલનની જરુરિયાત નોંધવામાં આવી હતી જે કોઠા નં. ૫:૯ માં દર્શાવ્યા પ્રમાણે હતી.

કોઠા નં. ૫:૯ અનુસાર ૬૨ કુટુંબો (૬૨ ટકા) એ પશુપાલન માટે પશુની જરુરિયાત નોંધાવી હતી જયારે ૩૮ કુટુંબો (૩૮ ટકા) એ પશુપાલન માટે પશુ જોઈતા નથી તેવું એક સૂચક બાબત છે.

પશુઓમાં જુદા જુદા પશુઓની જરુરિયાત દર્શાવી હતી જેમાં ૨૯ ભેંસો, ૧૫ બળદ, ૭૩ બકરા(યુનિટ) તથા ૧૬ ગાયો નોંધાવી હતી.

## ૫:(૩) વિસ્તારના પરિવેશની વિકાસક્ષમતાઓનો મહતમ ઉપયોગ કરવો :

વડેલી લઘુવિસ્તારના વિકાસ આયોજનમાં પ્રસ્તુત સિધ્ધાંતને સતત ખ્યાલમાં રાખવામાં આવ્યો છે. જેમકે હવે આ વિસ્તારના લોકો કે જેઓ જમીન ધરાવતા નથી તેઓનું ભેંસો બાબતે વલણ નકારાત્મ થયું છે. તેથી જમીન વિહોણા આદિવાસીઓને ભેંસો કરતા તેઓની માંગણી ઉપલબ્ધ ઘાસચારો તથા આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી બકરા એકમોની આયોજનમાં ભલામણ કરાઈ છે.

સેંખેડામાં ચાલતા આદિવાસી મહિલા શીવણવર્ગમાં આજુબાજુના ગામની આદિવાસી બહેનો તાલીમ માટે આવે છે. તેઓ ભરતકામ, ઉનનું કામ, વાયરકામ, મોતીકામ, શીખવવામાં આવે છે. જોયેલા નમુનાને આધારે કહી શકાય કે તેમનામાં આવી આવડત છે. પરંતુ તે આવડતને વ્યવસ્થિત

કોઠા નં. ૫:૯

પશુપાલનની જરુરિયાત દર્શાવતો કોઠો



વડેલી પોકેટ: તાલુકો: ખેડા

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુલ સંખ્યા | પશુ જોઈએ છે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | ભેંસ | બળદ | બકરા | ગાય |
| ૧. | પીછુવાડા | તડવી | જમીનવાળા | ૩ | ૩ | – | ૧ | ૪ | ૧ | – |
| | | | જ.વગરના | ૧૭ | ૭ | ૧૦ | ૧ | – | ૩ | ૩ |
| | | | કુલ | ૨૦ | | | | | | |
| ૨. | નાગરવાડા | તડવી | જમીનવાળા | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | – | ૪ |
| | | | જ.વગરના | ૧૧ | ૧૦ | ૧ | ૩ | – | ૭ | ૧ |
| | | | કુલ | ૨૦ | | | | | | |
| ૩. | નાના અખત્યારપૂરા | તડવી | જમીનવાળા | ૩ | ૨ | ૧ | ૨ | – | – | ૧ |
| | | | જ.વગરના | ૧૭ | ૧૦ | ૭ | ૪ | – | ૬ | ૩ |
| | | | કુલ | ૨૦ | | | | | | |

કોઠા નં. ૫:૯ ચાલુ

કોઠા નં. ૫:૯(ચાલુ)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪. | ગોવિંદપૂરા | તડવી | જમીનવાળા | ૧ | ૧ | – | – | ૧ | – | – |
| | | | જ.વગરના | ૫ | ૩ | ૨ | ૧ | ૨ | ૨ | – |
| | | | કુલ | ૬ | | | | | | |
| | | વસાવા | જમીનવાળા | ૭ | ૪ | ૩ | ૨ | ૧ | – | ૧ |
| | | | જ.વગરના | ૭ | ૩ | ૪ | ૨ | – | ૫ | – |
| | | | કુલ | ૧૪ | | | | | | |
| ૫. | લઢોદ | તડવી | જમીનવાળા | ૬ | ૧ | ૫ | ૧ | – | ૧ | – |
| | | | જ.વગરના | ૬ | ૨ | ૪ | ૨ | – | ૪ | ૧ |
| | | | કુલ | ૧૨ | | | | | | |
| | | નાયકા | જમીનવાળા | ૧ | ૧ | – | ૧ | – | – | – |
| | | | જ.વગરના | ૭ | ૭ | – | ૪ | – | ૪ | ૨ |
| | | | કુલ | ૮ | | | | | | |
| | | | કુલ | | ૬૨ | ૩૮ | ૨૯ | ૧૫ | ૩૩ | ૧૬ |

વજ્રાક આપવાની જરૂર છે. તે ઉપરાંત અંદરના ગામોમાં ઘરઅથ્થુ છાબડી, દોરડી તાડના પાનમાંથી બનાવીએ છે, તે કુશળતાપણ ધરાવે છે. તેથી આયોજન તેમની કુશળતાને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત કેટલાક જુવાન આદિવાસીભાઈઓ નવા વ્યવસાય તથા તાલીમ લેવા તૈયાર છે. તેમાં રૂચી ધરાવે છે તેથી તે બાબતને આયોજનમાં આવરી લેવામાં આવી છે.

છેલ્લે અભ્યાસ પૂરા નજીક બીલીયામાં એક તળાવ છે. એને ખોદાવી ઉંડુ કરવામાં આવે તો તેનું પાણી સિંચાઈ માટે ઉપયોગી બને તથા માછીમારી પણ થઈ શકે. જેથી આવા નાના મોટા તળાવોને ઉંડા કરાવવાની બાબતને આયોજનમાં આવરી લેવાઈ છે.

૫:(૪) ''ગરીબમાં સૌથી ગરીબીને અગ્રિમતા ''.

છેવટે બધી યોજનાનો ઉદ્દેશ સમાજમાં જે સૌથી ગરીબ છે તેને મદદ પહોંચાડવી એટલે કે ગરીબી રેખાની છેક તળીયે જીવતા ગરીબોમાંય તદ્દન ગરીબ છે તેમની આર્થિક સ્થિતિ સુધારવી. તે પ્રમાણે વડેલી લઘુવિસ્તારમાં વસતા આદિવાસીમાં નાયકા કે તેઓ આર્થિક તથાસામાજિક રીતે ખૂબજ પછાત, કંગાળ હાલતમાં જીવે છે. તેમને અગ્રિમતા આપવી જોઈએ. અન્ય જાતિ જેવી કે તડવી, વસાવાને તો ખરુજ પરંતુ નાયકા જાતિ ઉપર વિશેષ ધ્યાન આપવું ખૂબજ આવશ્યક છે. તોજ તેમનું જીવન ધોરણ ગુણવત્તાની દ્રષ્ટિએ ઉચું આવી શકશે.

(૫) શોષણની વ્યવસ્થા બંધ થવી જોઈએ :

આપણે ત્યાં એક કહેવત છે કે '' ગરીબની વહુ સૌની ભાભી '' તે અનુસાર સમાજમાં ગરીબનું જ્યાં જ્યાં શકય હોય ત્યાં બધીજ જગ્યાએ શોષણ કરવામાં આવે છે. જેમકે
(૧) સરકારી યોજનાઓના લાભમાં, કોઈ આદિવાસી કુટુંબને સરકારી યોજના દ્વારા ઢોર મળે છે તેમાં

અમ નિકરણ માળખું તથા ગરાંચ વિગેરે શકય એટલી કટકી કરે છે. પોતાને લાભ માટે મોટી રકમજ આવે છે. આમ ગરીબોના આદિવાસીઓના નામે જે ગરીબી નાબુદીની વ્યવસ્થા ઊભી થઈ છે તેને કડક હાથે ડામી દેવી જોઈએ.

(૨) તેવીજ રીતે વહેલી લઘુ વિસ્તારમાં મોટાભાગના આદિવાસી કુટુંબો ખેતમજુરી કરે છે. છુટક મજુરી કરે છે. તેઓ આમતો બોન્ડેડ લેબર જેવીજ સ્થિતિ ધરાવે છે. તેમની પાસેથી વધુ કલાક કામ લઈ ઓછી મજુરી આપવામાં આવે છે. હિસાબોમાં ગોટાળા કરવામાં આવે છે. આદિવાસીઓની મજુરીનો પુરેપુરો લાભ મૂડીવાદી ખેડુત ઉઠાવે છે.

જ્યાં લગી આ જાતિઓનું આ રીતે શોષણ થતું રહેશે તો નથી લાગતું કે સરકાર ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ તે ગરીબ નાયકાનું કુટુંબ આર્થિક રીતે સધ્ધર થઈ શકે.

સરકાર દ્વારા ઉપરોક્ત શોષણમાંથી મુક્ત કરવા આદિવાસી ગરીબ પ્રજાને મુક્ત કરવા વ્યવસ્થા તંત્ર ગોઠવ્યું છે. પરંતુ તેનો અસરકારક અમલ નથી થતો તે એક કરુણ કમનસીબી છે.

(૬) ''<u>સહભાગી આયોજન</u> ''

સશોધનમાં જેટલી સહભાગી નિરીક્ષણની અગત્યતા છે એટલીજ અગત્યતા દરેક સભ્યોનું પ્રતિનિધિત્વનું આયોજનમાં મહત્વ છે. તેમની અગત્યતા સમગ્ર વિશ્વ આ બાબતને સ્વીકારીને ચાલી રહયું છે. પહેલા ઔદ્યોગિક એકમોમાં મજુરોને પ્રતિનિધિત્વ નહોતું પરંતું સમયની માંગને અનુલક્ષી આજે મજુર પ્રતિનિધિ દરેકને સહભાગી બનાવવામાં આવે છે. અને તે ખુબજ સમજી શકાય તેવી બાબત છે કે આપણે જેને માટે

કામ કરવા માંગીએ છીએ તેને જો સાથે રાખ્યા સિવાય આયોજન થાય તો તેનું યોગ્ય પરિણામ ન આવે. પરંતુ જો તેને તેમાં સાંકળવામાં આવે તો તેના દ્વારા ઘણી સૂચક દિશાઓ આયોજનકારને મળે છે. જે સફળઆયોજન કરવામાં સહાયભૂત બને છે.

જેથી અમે તો આગળ ચાલીને એમ સૂચવીએ છીએ કે ફક્ત આદિવાસીઓને સહભાગી બનાવો તેજ પુરતું નથી પરંતુ તેમને પહેલેથી છેલ્લી સુધીની પ્રક્રિયામાં મોખરાનું સ્થાન આપવું જરૂરી છે.

તે ઉપરાંત આદિવાસીઓમાં સ્વમાનતા લાવવા ખાતર તેમનામાં સ્વ શક્તિ ખીલે સંગઠન ઊભું થાય તે જરૂરી છે. સરકારી ધોરણે સહાય આપવાનું સ્વીકાર્યું છે તેની પાછળ સ્વ શક્તિ ખીલવવાનો ઉદ્દેશ છે. આપણે પણ સંગઠન બની રહેતે બાબતને આયોજનમાં ધ્યાને લેવું પડશે.

(૭) <u>સ્થાયી અને કાયમી સાફલ્ય બધ્ધ આયોજન</u> :

ઈમારતનો પાયો એવો મજબુત નાખીએ કે જે સ્થાયી બને હંમેશ ને માટે આપણને ઉપયોગી બની શકે. આયોજન કરતી વખતે ટૂંકાગાળાની અને ત્વરીત સહાય આપનાર યોજનાઓ નહી પરંતુ ભલે થોડો સમય લે. પરંતુ તે હંમશાને માટે સહાયભુત થાય તેવી યોજનાઓને આયોજનમાં સાંકળી લેવી જોઇએ. દા.ત. એન.આર.ઈ.પી.માં મજુરોને થોડો વખતજ કામ મળે છે. પરંતુ આર.એલ.ઈ.જી.પી. માં મજુરોને રોજગારી અમુક દિવસો.મળે જ તેવી ખાતરી આપવામાં આવે છે.

પરંતુ એવો કાર્યક્રમ ઘડાય જે ખાતરીજ નહી પરંતુ હંમશને માટે. રોજગારી પુરી પાડે તેજ લોકોને તેમાં વિશ્વાસ બેસશે અને તેને અનુસરશે.

(૮) <u>આયોજનમાં વિભાગાન્તર્ગત અને આંતરવિભાગીય અગ્રીમતાઓ નક્કી કરવી</u>. :

આપણે જાણીએ છીએ કે ખેતી ઉપર માનવભારણ વધતુ જાય છે. વધારાની આમણી ઉત્પાદન વધતું નથી પરંતુ ફક્ત ભારજ વધે છે. એટલે નાના અને ગૃહઉદ્યોગો તથા મધ્યમ કે મોટા ઔદ્યોગિક એકમોમાં માનવશ્રમને વાળવાની બાબતને આયોજનમાં અગ્રિમતા આપવામાં આવી છે. જોકે લઘુ-નિવાસોમાંથી મોટાશહેરોમાં તથા ખેતી જ્યાં સમૃધ્ધ છે ત્યાં માનવશ્રમ તેની મેળાએ રોજગારી મેળવવા જાય છે.

(૯) લઘુતમ આવશ્યકતાની પૂર્તિ :

કલ્યાણ રાજ્યમાં લોકોની લઘુતમ અને પાયાની જરૂરિયાતો સંતોષાવીએ રાજ્યની ફરજ બની રહે છે. તેમ છતાં વિશાળ દેશમાં રાજ્ય તે ફરજ ૧૦૦ ટકા અદા કરી શકતી નથી તે હકીકત છે. XXXXX ગામડાઓમાં હજી પુરતં/સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય વિષયક સેવા, રસ્તાઓ, રહેઠાણ, શિક્ષણ, પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓ ઉપલબ્ધ નથી. તે આયોજનકારોએ આયોજનમાં આવરી લેવા પ્રયત્ન કર્યો છે.

(૧૦) ખાસ કરીને વિકાસલક્ષી આયોજન કરવાનું હોય ત્યારે આયોજનકાર માટે એ અગત્યનું બની રહે છે કે આયોજનથી લોકોમાં સ્વતંત્રતા આવે તથા લોકોમાં ઉત્પાદક અસ્કયામત ઉભી થાય. સાથે સાથે એ બાબત પણ અગત્યની બની રહે છે કે લાભાર્થીઓને મળેલ ધીરાણનાં નાણાં પરત કરવા સમર્થ બને. તોજ વિકાસની સાયકલ પ્રક્રિયા શરૂ થઈ શકે. પ્રસ્તુત આયોજન વખતે આ સિધ્ધાંતનો શક્ય એટલો ખ્યાલ રાખવામાં આવ્યો હતો.

(૧૧) જેમ એક નાગરીકએ રાષ્ટ્ર નથી તેની સામે એ પણ હકીકત છે કે નાગરીકત્વના રાષ્ટ્ર નથી બન્ને એક બીજાના અભિન્ન અંગો છે તેવીજ રીતે ગ્રામકક્ષાનું આયોજન એ રાષ્ટ્ર

આયોજનનો એક ભાગ બને છે. લોકશાહી આયોજન પધ્ધતિમાં જયારે રાષ્ટ્રીય કક્ષાનું આયોજન થતું હોય ત્યારે ગામડાના ગરીબ વ્યકિતને ધ્યાલમાં રખાય છે. તેવીજ રીતે જયારે ગ્રામ કક્ષાએ ગરીબ આદિવાસીઓ માટેનું આયોજન થાય ત્યારે રાષ્ટ્રને ધ્યાનમાં રખાય છે.

બીજી દ્રષ્ટિએ જોઈએ તો નાણાકીય દ્રષ્ટિએ લઘુ-વિસ્તારના આયોજનને રાષ્ટ્ર, રાજય અને પ્રાયોજના વિસ્તારના આયોજનનો એક ભાગગણી આયોજન કરવું જોઈએ. અહીં કરવામાં આવેલ આયોજનને ઉપરોકત કક્ષાના આયોજનના ભાગ તરીકે જ બનાવવો રહયો.

(૧૨) છેવટે તો પંચવર્ષીય યોજનામાં પ્રાપ્તથતી ધનરાશી ઉપરજ બધાજ કાર્યક્રમો અવલંબિત બને છે. તેમ છતાં આયોજનમાં દર્શાવેલ રકમની ટકાવારી અને પંચવર્ષીય યોજનામાં જે રકમ ફાળવાય તેની ટકાવારી ધ્યાનમાં રખાવી જોઈએ. જોકે અહીંછની પંચવર્ષીય યોજનામાં ફાળવાયેલા નાણાંની રકમને ધ્યાનમાં રાખી આયોજન કરવાનો પ્રયાસ કર્યો છે.

(૧૩) આયોજન એટલે માત્ર આંકડા અેની વિભાગવાર ગોઠવણીજ નહીં તે ઉપરાંત પાશ્વાત અનુભવોને આધારે નડેલા અવરોધોને કઈ રીતે અટકાવવા તે બાબત ધ્યાને રાખી આયોજન કરવાનો પ્રયાસ થયો છે.

(૧૪) આયોજન બાદ તેનો અમલ થાય છે. અમલની સાથે સાથે તેનું સંશોધન અને મૂલ્યાંકન પણ આયોજનનો એક અંતર્ગત ભાગ છે. તે સતત થતું રહેવું જોઈએ ઉપરાંત સમયાન્તરીત તેના તારણો, સુચનો તારતમ્યો મેળવી તે કક્ષાએ જરૂરી અમલ કરવો જોઈએ. છેવટે સમગ્ર પ્રક્રિયાની પરીક્ષા સંશોધન અને મુલ્યાંકન ધ્વારા થઈ શકે જે વિકાસની પ્રક્રિયા અંગે ઘટીત સુચનો, અંગુલી નિર્દેશ કરે છે.

તે ઉપરાંત તજજ્ઞો અને અમલ સાથે સંકળાયેલા અમલીકરણ તંત્રના અધિકારીઓની વિચારગોષ્ઠીઓ પણ થતી રહેવી જોઈએ.

આ રીતે ઉપર જણાવ્યા પ્રમાણેના સંકલિત સિદ્ધાંતો ધ્યાને રાખી લઘુવિસ્તાર વિકાસ આયોજન કરવામાં આવ્યું છે તેના મુખ્ય હેતુઓ તેમાંથી આપમેળે ફલિત થાય છે. તેમ છતાં સ્પષ્ટતા ખાતર કેટલાક હેતુઓ તારવ્યા છે તે આ પ્રમાણે છે.

હેતુઓ : (૧) લોકોના જીવનની ગુણવત્તા વધારવા માટે આયોજન છે. માત્ર આર્થિક વિકાસજ નહીં પણ તેમનાં સાંસ્કૃતિક અને સામાજિક પાસાઓ ખીલી ઉઠે અને તેમની પ્રત્યેક વ્યક્તિનું અંતર વિકસિત થાય તે નિરલસ અને કાર્ય માટે ઉદ્યત બને અને આ બધા સાથે મુક્ત થાય.

(૨) ઓછામાં ઓછા ૫૦% કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવાના છે.

(૩) પાયાની સવલતો પુરીપાડવી.

(૪) સ્ત્રી શિક્ષણ વધારવું ઉપરાંત પ્રૌઢ શિક્ષણને પ્રાધાન્ય આપવું.

## પ્રકરણ : ૬

## આયોજન

### આયોજન પ્રવેશ :

લઘુવિસ્તારના વિકાસ માટેનું આયોજન તૈયાર કરવા માટે આગળ જણાવેલ પ્રમાણેના સિધ્ધાંતોનો આધાર લઈને હેતુઓને સિધ્ધ કરવા માટે વિભાગવાર આયોજન થાય તો તે વધુ ફળદાયી નીવડે તે માટે વિભાગવાર આયોજન કરવાનું નક્કી કર્યું છે. તે માટે નીચે દર્શાવેલી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છે.

(૧) ઓછામાં ઓછાં કુલ પરિવારોમાંથી ૫૦ ટકા પરીવારો ગરીબીની રેખા ઉપર હંમેશને માટે લઈ જવા.

(૨) પંચવર્ષીય યોજનાને ધ્યાને રાખી દરેકે દરેક પાંચ વર્ષના નાણાંકીય લક્ષ્યાંક તેમજ લાભાર્થીઓના લક્ષ્યાંક નક્કી થશે.

(૩) પહેલા બે વર્ષમાં લક્ષ્યાંકો ઓછા હશે પછીના ક્રમવર્ષમાં લક્ષ્યાંકો વધુ હશે.

### ૬:૧. પાયાની સવલતો (લઘુતમ આવશ્યકતા) :

પાયાની લઘુતમ જરૂરિયાતો લોકશાહીમાં સૌની સંતોષાય તે જોવાની કલ્યાણ રાજ્યની ફરજ છે. આપણાં દેશમાં સ્વતંત્રતા બાદ ભારતીય સરકાર સતત પ્રયત્ન કરતી આવી છે. પરંતુ વિશાળ ભારત દેશ અને મર્યાદિત નાણાં તથા અમલીકરણની કેટલીક અડચણો વિગેરે અવરોધોને લીધે ગામડાઓમાં કેમાંય ખાસતો ઉંડાણવાળા અને પછાત વિસ્તારોમાં પાયાની લઘુતમ સવલતો પહોંચી છે તો અપુરતી છે અથવાતો સવલતો પહોંચીજ નથી.

વિજળી, રસ્તાઓ, રહેઠાણ, પીવાનું પાણી, શૈક્ષણિક સવલતો, સ્વાસ્થ્ય અંગેની સવલતો, વિગેરેને આપણે પાયાની લઘુતમ જરૂરિયાત ગણાવી શકીએ. તેમાંની વિજળી, રસ્તા શૈક્ષણિક વિગેરે આવશ્યતા એવી આવશ્યકતા છે કે જે સમાજના વિકાસમાં સીધોજ ફાળો આપે છે.

જ્યાં લગી આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને અહીં એવા તાલુકાના વલેટી પોકેટના પણ ગામોને લાગુ પડે છે ત્યાં લગી જ્યાં જ્યાં ઉપરોક્ત સગવડો ન હોય તે અંગે વ્યવસ્થા થવી જોઈએ. જિલ્લા આયોજન મંડળમાં તાલુકા પંચાયત દ્વારા અથવા તો સરકારના વિવિધ સંલગ્ન વિભાગો દ્વારા આ વિસ્તારની આવી સુવિધાને પ્રાધાન્ય આપે તેવી વ્યવસ્થા થવી જોઈએ તે ઉપરાંત રાજ્યના આયોજનમાં તે અંગેના નાણાં વધુ ફાળવવા જોઈએ.

કેટલીક જગ્યાએ આવી સુવિધાઓ હોય છે પરંતુ નામની જ છે. જેમકે વલેટી પોકેટમાં પીછુવાડા ગામમાં શાળા હતી પરંતુ તેમાં ઉપર છાપરુંજ નહોતું શિક્ષક દરરોજ આવતા ન હતા તથા લહોદ ગામમાં વોટર વર્કસ હતું પરંતુ આદિવાસી મહોલ્લામાં તેનું નળ કનેકશન આપવામાં આવ્યું ન હતું. ગામ સરકારી દફતરે તે સુવિધા છે તેમ નોંધાયેલું હોય વાસ્તવમાં ત્યાં આવી રીતે તુટી ફુટી કે સુવિધા નજ હોય. તેથી <u>વૈધાનિક અમલીકરણમાં રહેલી ત્રુટિઓ દૂર કરવી જોઈએ.</u>

આ અંગે ખાસ ગણતરી દ્વારા ન કહી શકાય કે ચોક્કસ આટલાજ નાણાં ફાળવવા જોઈએ પરંતુ જે તે વિભાગવાર નાણાં ફાળવી અને પોકેટના ઉડાણવાળા ગામોની સવલતો પૂરિને પ્રાધાન્ય અપાય તે રીતે તથા જે તે વિભાગની અગત તથા તેની અગત્યતા અને આશરે ખર્ચને આધારે દર વર્ષે ખર્ચ સમાવવો જોઈએ. નીચેની જરુરિયાતોને પ્રાધાન્ય અપાવું જોઈએ.

(૧) પીવાનુ પાણી

(૨) શૈક્ષણિક સંસ્થાન ઉપલબ્ધી

(૩) રહેઠાણ

(૪) વીજળી

(૫) રસ્તાઓ

(૬) સ્વાસ્થ્ય અંગેની સેવાઓ.

| | | વાર્ષિક | પંચવર્ષીય માટે |
|---|---|---|---|
| (૧) | પીવાનું પાણી, કુવા, આદિવાસી ફળિયામાં પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ | ૦-૫૦ | ૨-૫૦ |
| (૨) | શૈક્ષણિક સવલતો | | |
| | ૧. આશ્રમશાળા (૧) | ૦-૨૦ | ૧-૦૦ |
| | ૨. સ્કોલરશીપ | ૦-૫૦ | ૨-૫૦ |
| | ૩. ગણવેશ | ૦-૧૫ | ૦-૭૫ |
| | ૪. ચોપડીઓ | ૦-૧૦ | ૦-૫૦ |
| | ૫. કોચીંગ કલાસ | ૦-૧૦ | ૦-૫૦ |
| | | ૧-૭૫ | ૫-૨૫ |

| | | પ્રથમ વર્ષ માટે | પંચવર્ષીય માટે |
|---|---|---|---|
| (૩) | રહેઠાણ | | |
| | ૧. રહેઠાણના પ્લોટ | ૨૫૦ રૂપિયા | ૧૨૫૦ રૂપિયા |
| | ૨. ઘર બાંધવા સબસીડી | ૦-૫૦ | ૧-૫૦ |
| | ૩. ઘર રીપેર કરવા સબસીડી | ૦-૨૦ | ૧-૦૦ |

(૪) વીજળી : વીજળી કરણમાં બાકી રહેલા ગામોને વહેલામાં વહેલી તકે અગ્રિમતા આપી આવરી લેવા જોઈએ.

(૫) રસ્તાઓ: લઘુવિસ્તારના ગામોને શક્ય એટલી ઝડપે તાલુકા જિલ્લાના રસ્તાઓ સાથે સાંકળી લેવા જોઈએ.

(૬) સ્વાસ્થ્ય સવલતો: લઘુવિસ્તારના મુખ્ય ગામે એક આરોગ્ય કેન્દ્ર ઊભું થવું જોઈએ.

૬:૨ આર્થિક કાર્યક્રમો :

માનવીનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ 'અર્થ'

'નાણું' વિશેષ રીતે તેની સાથે સંકળાયું આવ્યું છે. અને એટલેજ તો કોટીલ્યા વર્ષો પુરાણી તેની અગત્યતા સમજી આગવું અર્થશાસ્ત્ર રચ્યું હતું તે આજના જમાનામાં પણ એટલુંજ સાચું છે.

આપણે અભાવ જોઈ શયા તેમ આયોજન કે ઘેપહાબ્દીને આધારેજ થઈ શકે અને તે તેને અનુરૂપ થાયતો આયોજન વધુ ફળદાયક નીવડે છે. આપણે અહીં પોકેટ વિસ્તારમાં રહેલાં આદિવાસી સમાજના વિકાસ માટેનું આયોજન બનાવી રહ્યા છીએ. ત્યારે એ બાબત લક્ષમાં લઈએ કે આદિવાસી પાસે શું છે? શું તેમની પાસે સંપતિ છે ? શું તેમની પાસે જમીનજાયદાદ છે? તેમની પાસે ફક્ત માનવશ્રમ છે. નથી સંપતિ કે નથી જમીન-જાયદાદ.

વસેલી પોકેટના મોટાભાગના આદિવાસીઓ ખેતમજુરો છે. મોટાભાગના પુરુષો ચાકર રહે છે. તેઓ વર્ષ માટે જમીનદારોને ત્યાં બંધાયેલા હોય છે. જ્યારે સ્ત્રીઓ તથા કેટલાક પુરુષો છુટક ખેતમજુરી કરે છે.

૬:૨:૧. <u>ખેતમજુરો</u> :

મુડીવાદી અર્થવ્યવસ્થામાં મુડીપતિ જમીનદાર મજુરને કોઈ દિવસ ઉંચો આવવા દેવાતા નથી. તે હંમેશા મજુરોનું શોષણજ કરે છે. અને કરવાનો. ત્યારે પોકેટ વિસ્તારના ખેતમજુરોને મુડીવાદીઓની નાગચૂડમાંથી છોડાવવા માટે શું કરવું જોઈએ તેપણ એક પ્રશ્ન છે ?

આ પ્રશ્નનો જવાબ આપણે અહીં આયોજન દ્વારા આપી શકીએ.

(૧) જેઓ ખેતમજુર છે તેમને સરકારી ધારા ધોરણ પ્રમાણે લઘુતમ વેતન મળે તે જોવાવું જોઈએ.

(૨) જેમની પાસે થોડી પણ જમીન છે તેઓ તે જમીન પ્રત્યે દુર્લક્ષ ન સેવે અને તેમાં વધુ ધ્યાન આપે તે માટે જરુરી સંસાધનો, ખેતઓજરો, બીયારણ, વિગેરે આપવામાં આવે.

(૩) ખેતમજુર મંડળો બનાવી તેમનું શોષણ થતું અટકાવી સહકાર

(૪) જેમની પાસે બીલકુલ જમીન નથી તેમને જમીન આપવામાં આવે.

(૫) જે ખેત મજુરો વૈકલ્પિક વ્યવસાયમાં રસ ધરાવતા હોય તેમને યોગ્ય વ્યવસાય કરવા જરુરી નાણાં, તાલીમો આપવી જોઈએ.

(૬) ખેતમજુરનો છોકરો ખેતમજુર નહીં પરંતુ તે શિક્ષણ આપી અન્ય વ્યવસાયમાં જાય તેવો પ્રબંધ થાયતો ખેતમજુરો નું અન્ય જગ્યાએ ઉપયોગ થાય અને તેમની આર્થિક સ્થિતિ સુધરી શકે.

(૭) વડેલી લઘુવિસ્તારના પસંદ કરેલા એકપણ ગામમાં એ બાબત જાણવા ન મળી કે ત્યાં આર.એલ.ઇ.જી.પી કે એન.આર.ઈ.પી નું કામ થયું હોય અને તેમાં આદિવાસી કુટુંબોને રોજગારી મળી હોય તેથી ઉપરોક્ત યોજનાનો અમલમાં લઘુવિસ્તારોને પ્રાધાન્ય અપાવું જોઈએ.

૬:૨:૨ <u>પશુપાલન</u> :

ખેતમજૂરો અને જેઓ પાસે થોડી ઘણી જમીન છે એવા આદિવાસી કુટુંબોનો મુખ્યત્વે પૂરક વ્યવસાય પશુપાલન હોય છે પરંતુ આજ લગીના અનુભવે એ બાબત સ્પષ્ટ કરી છે. પશુપાલન અંગે જે આધિશી છેટ મૂકવામાં આવે છે તે તથા કેટલાક ભ્રષ્ટ રીત રસમો અપનાવવામાં આવે.છે તેના લીધે પશુપાલન માટે આપવામાં આવતી સહાયનો ધ્યેય સિધ્ધ થતો નથી.

આ માટે જે પરિવાર પશુની સારવાર કરી શકે એમ હોય, જે પશુની સારવાર કે પાલવી શકે તેમ હોય તેવું જ પશું આપવું જોઇએ. જેમકે ખેતમજૂર હોય તેને ભેંસ કરતા બકરા કે ઘેટાં યુનિટ અથવા તો મરઘા-પાલન વધુ અનુકૂળ આવે તે તેનો ખાસ્નારો પુરોકરી શકે અને તેને ભેંસ આપવામાં આવે છે. ત્યારે તે ભેંસને પુરતો ચારો પુરો કરી શકતો નથી તેથી દૂધ પણ વધુ મેળવી શકતો નથી દિનપ્રતિદિન ભેંસ દૂબળી પડે છે. ક્યારેક મૃત્યુ પામે છે. આનાથી ગરીબ આદિવાસી ખાટાનો સરકારી દેવાદાર બને છે.

એટલે જેતે આદિવાસી કુટુંબને અનુકુળ પશુપાલન માટે એકમ અપાય તે બાબત ખુબજ ધ્યાનમાં રાખવા જેવી છે. જોકે પશુપાલન એ પુરકરોજગારી તરીકે અન્ય સમાજોમાં ખુબજ ઉપયોગી નીવડ્યું છે.

વડેલી પોકેટ વિસ્તારમાં વસતા તડવી, નાયકા અને વસાવા જાતિના આદિવાસીઓ મોટાભાગે ખેતમજૂરો છે. તેમની પાસે ખેતી માટેની જમીન નથી. તેમને ભેંસો રાખવી પાલવતી નથી. કારણ ગૌચર જમીનો ઓછી થતી જાય છે. કારણ સામાજિક વનિકરણનો કાર્યક્રમ જમીનોમાં વૃક્ષો રોપવામાં આવે છે તેથી ત્યાં પણ પશુ ચરાવી શકાતા નથી. આથી આ લોકોને બકરા/ ઘેટાં યુનિટ અપાયતો તેનો સાધન ઉપયોગ કરી શકે તેમ છે. કારણકે બકરાઓને ખાસ કરીને ખોરાકમાં પાંદડા અને વેલા જોઈએ છે. આ વિસ્તારમાં 'સમડા' નામના ઝાડ ખૂબ જે જે બકરા/ ઘેટા માટે સારો ચારો ગણાય છે. ઉપરાંત બકરી મરી જાયતો ભેંસ કિંમત જેટલો આર્થિક બોજો કે ફટકો પણ પડતો નથી.

<u>પશુપાલન</u> :

આપણે આગળ જોઈ ગયા તેમ પોકેટ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ મોટે ભાગે ખેતમજુરો છે. બધા પાસે ખેતી માટે જમીન નથી. આથી ભેંસ તથા ગાય જેવી મોટાં પશુનું વ્યવસ્થિત પાલન કરી શકતા નથી. માટે જેઓ થોડીઘણી જમીન ધરાવે છે અને મોટાં પશુઓને પાલવી શકે તેમ છે તેમને જરૂર ભેંસો તથા ગાયો આપવી જોઈએ.

<u>ભેંસ</u> :

પશુધનની કિંમત જોતાં ભેંસનો યુનિટ કોસ્ટ ૪૦૦૦ થી ૫૦૦૦રૂ. નંકકી થવો જોઈએ.

વડેલી પોકેટમાં દર વર્ષે ૧૦૦ ભેંસો આપવી જોઈએ.

| | |
|---|---|
| ૧ ભેંસનો યુનિટ કોસ્ટ | ૫૦૦૦ |
| ભેંસ આપવી | ૪૫૦ |
| એક વર્ષે ભેંસો પાછળ ખર્ચાય રૂા. | ૨૫૦૦૦૦ |
| પાંચ વર્ષો | ૪ ૫ |
| આમ પાંચ વર્ષે કુલ | ૧૨૫૦૦૦૦ |

ખર્ચવા જોઈએ – ૨૫૦ ભેંસો અપાય.

ગાય :

૧, ગાયનો યુનિટ કોસ્ટ રૂા. ૩૦૦૦ થવો જોઈએ

| | | |
|---|---|---|
| | ૧, ગાય | ૩૦૦૦ |
| | | x ૫૦ |
| દર વર્ષે ૫૦ ગાયો આપવી જોઈએ. | રૂા. | ૧,૫૦,૦૦૦ |
| | | x ૫ |
| આ રીતે પાંચ વર્ષે ખર્ચવા જોઈએ. ૨૫૦- ગાયો અપાય. | કુલ રૂ. | ૭,૫૦,૦૦૦ |

<u>બકરા યુનિટ</u> :

વડેલી પોકેટમાં બકરાને જરુરી ઘાસચારો ઉપલબ્ધ હોઈ બકરા યુનિટ વધુ અનુકુળ છે. દર વર્ષે ૧૦૦ બકરા યુનિટ આપવા જોઈએ.

૧, બકરા યુનિટમાં

૯ બકરી + ૧ બકરો

| | | |
|---|---|---|
| એક બકરા યુનિટ ના | | ૨૦૦૦ રૂા. |
| | | x ૧૫૦ |
| એક વર્ષે બકરા યુનિટના ખર્ચાય | રૂા. | ૩,૦૦,૦૦૦ |
| | | x ૫ |
| આ રીતે પાંચ વર્ષે બકરા યુનિટ પાછળ ખર્ચવા જોઈએ. | રૂા. | ૧,૫૦,૦૦૦ |

જેથી ૭૫૦ બકરા યુનિટ અપાય.

## ૬:૨:૩. <u>રેતી અને પથ્થર સંબંધિત વ્યવસાયિક શક્યતાઓ</u> :

આપણે અગાઉ જણાવી ગયા તેમ વડેલી પોકેટના આદિવાસીઓ છે તે મોટે ભાગે ખેતમજુરો છે. એટલે કે વિપુલ માનવશ્રમ છે. જો તેને થોડી તકનીકવાળા કામો તરફ વાળવામાં આવે તો તેઓ ખેતમજૂર મટી અન્ય વ્યવસાયમાં જઈ તેમનું આર્થિક/ સામાજિક જીવન ધોરણ સુધરી શકે.

૬:૨:૭:૧ પથ્થરનું કારખાનું :

વડેલી પોકેટમાં મુખ્ય વર્સીંગ નામની નદી વહે છે. જે આ પોકેટના ઘણાં ગામોને સ્પર્શે છે તે ઉપરાંત એરણ તથા દેવ નદી પણ છે. વર્સીંગ નદી કિનારાના ગામોમાં નદીમાં કિંમતી પથ્થરો છે. વડેલી પાસે ઝોઝાપુરામાં પથ્થરનું એક ખાનગી કારખાનું છે. તેના જેવુંજ જ્યાં કિંમતી પથ્થરો હોય ત્યાં સરકારી એકમ ઉભું થાય તો આજુબાજુનો આદિવાસી માનવશ્રમને રોજગારી મળે.

૬:૨:૭:૨ કપચીનો ભરડીઓ :

સાથે સાથે બીજા અન્ય રહી પથ્થરો હોય તેના માટે ભરડીઓ કે જે કપચી તૈયાર કરે છે તે ગોઠવવામાં આવે તો પણ ઘણી કપચી ઉત્પાદીત થઇ શકે લોકોને રોજગારી ઉપલબ્ધ થઇ શકે.

૬:૨:૭:૩. સીમેન્ટ પાઇપ :

વર્સીંગ નદી જે બોડેલી થઇ વહે છે. આ વર્સીંગ નદીમાં આવતી રેતીનો સારા પ્રમાણમાં સિમેન્ટની નાની મોટી પાઇપો બનાવવામાં ઉપયોગ થાય છે. વડેલી જેવા સેન્ટર ના ગામોમાં કે જ્યાં વાહનવ્યવહાર, રસ્તા, વીજળી વગેરે ઉપલબ્ધ છે. ત્યાં સીમેન્ટના પાઇપો બનાવવાનું કામ શરુ કરવામાં આવે તો રોજગારી ઉભી થવાની શક્યતા છે.

૬:૨:૪. મત્સ્ય ઉદ્યોગ :

વડેલી પોકેટ વિસ્તારમાં આગળ જોયું તેમ નાની અને મધ્યમકક્ષાની પણ નદીઓ છે. નાના મોટા તળાવડા છે. કેટલાક આદિવાસી મચ્છી મારીનો ધંધો તેમના ટાંચા સાધનોથી કરે છે. ચોમાસા દરમ્યાન કેટલાક

યુવાન આદિવાસીઓએ મચ્છીમારી ધંધો વ્યવસાય તરીકે કરવા તૈયારી બતાવી હતી. પરંતુ તેમને તેમની મર્યાદાઓ જણાવી હતી જેમકે

(૧) તેમની પાસે મચ્છીમારીના પૂરતા સાધનો નથી.

(૨) હાલ તેઓ ખાવા પૂરતાજ મચ્છીમારીનો ધંધો કરતા હોય છે.

(૩) આર્થિક સ્થિતિ નબળી હોવાથી સાધનો કિંમતી હોય છે ને તેઓ ખરીદી શકતાં નથી.

(૪) તેઓ જુની પુરાણી પરંપરાગત ઢબથી મચ્છી પકડવાનું કામ કરે છે.

(૫) સરકારી યોજનાઓ છે પણ તેઓ તેનો કઈ રીતે મચ્છીમારીનો ધંધો કરવા લાભ લઈ શકાય તે તેમને ખબર નથી. વિગેરે

× <u>મત્સ્ય ઉદ્યોગ માટેની સામાન્ય વિગતો નીચે પ્રમાણે છે</u>

- આ વિસ્તારમાં નદીમાં જેઠ, અષાઢ, શ્રાવણ અને ભાદરવા મહિનામાં મચ્છીમારી થઈ શકે તેમ છે.

- નદીમાંથી મળતી માછલી અને તેની કિંમત આ પ્રમાણે હોય છે.

| અ.નં. | માછલીનો પ્રકાર | કિંમત (૧ કિલોના) રૂા.પૈસા | નોંધ | |
|---|---|---|---|---|
| ૧. | જીંગા | ૨૫-૦૦ | નાની હોય છે. | |
| ૨. | બાઘસ | ૧૪-૦૦ | ૧ કિલોથી | આ |
| ૩. | નગરા | ૧૪-૦૦ | ૧૦ કિલોના | માછ |
| ૪. | રવ | ૧૪-૦૦ | વજન સુધી | લી |
| ૫. | તામ | ૧૨-૦૦ | ની હોય છે. | આ |
| ૬. | અસેર | ૧૯-૦૦ | | વધુ પકડાય છે. |
| ૭. | ડોયકો | ૧૨-૦૦ | નાની સાઈઝની | |
| ૮. | કાંટા | ૧૦-૦૦ | માછલી | |
| ૯. | છોડીયા | ૧૦-૦૦ | હોય છે તથા | |
| ૧૦. | ધોપરા | ૯-૦૦ | તથા ઓછી | |
| ૧૧. | ગોડમાછલી | ૮-૦૦ | પકડાય છે. | |
| ૧૨. | ચિંગાળી | ૮-૦૦ | | |

- ફક્ત પુનમના દિવસે માછલી પકડવા જતા નથી.
- વેપાર : મોટાભાગે બોડેલી તથા ડભોઈમાં અને વધુ હોય તો બરોડા વેચાણ માટે જવું પડે છે. જો થોડું વેચાણ સ્થાનિક પણ થાય છે.
- મચ્છીમારીના ઉદ્યોગમાં આદિવાસીઓને ભોઈ નામની જાતિ છે તેની ભરીકાઈ કરવી પડે છે.

મચ્છીમારીના સાધનો અને કિંમત :

| ક્ર.નં. | સાધન | કિંમત-આશરે રૂા. |
|---|---|---|
| ૧. | હાંકણી (રેશમ-૫ કિલોની):૩ ૫૦૦ રૂા. ૧. | ૧૫૦૦ |
| ૨. | ડાલો- (મોટા વકલનીજાળ) | ૨૫૦ |
| ૩. | નાના વકલની જાળ | ૫૦૦ |
| ૪. | લોખડના મણક ૧૦ કિલો (૧૬ રૂા. ૧ કીલો) | ૧૬૦ |
| ૫. | દોરી ૫ કિલો રેશમની ( ૨૫ રૂા. ૧ કિલો) | ૧૨૫ |
| ૬. | સુતરનો રસ્સો ૧૦ કિલો (૧ કિલોના ૩૨ રૂા.) | ૩૨૦ |
| ૭. | વાંસ - ૨૫ | ૧૨૫ |
| ૮. | હોડકું (નાનુ) | ૫૦૦૦ |
| ૯. | માછલી રાખવાના ટોપલા, કરંડીયા/ટબ | ૧૫૦ |
| | કુલ: | ૮૧૩૦ |

માછલી પકડવાની એક ટુકડીમાં ઓછામાં ઓછી પાંચ વ્યક્તિઓની જરૂર પડે છે આમ વડેલી પોકેટના યુવાન આદિવાસીઓને નવા સાધનો તથા તાલીમ પુરીપાડી મચ્છ ઉદ્યોગ વિકસાવી શકાય તેમ છે. તે માટે કેટલાક તલાવડા ઉંડા કરાવવામાં આવે તો તાત્કાલીક રોજગારી ઉભી થાય. મચ્છીમારી માટે પાણીનો સંગ્રહ ~~XXX~~ થઈ શકે તથા પાણીનો સિંચાઈમાં પણ ઉપયોગ થઈ શકે.

<u>મરઘા યુનિટ</u> :

જો કે વડેલી લઘુવિસ્તારમાં વ્યક્તિગત રીતે મરઘા ઉછેર ખાસ પ્રમાણમાં જોવા મળતો નથી પરંતુ જો તે સહકારી ધોરણે કરવામાં આવે તો તે સફળ થાય તેમાં શંકા નથી.

- એક મરઘા એકમમાં કુલ ૧૦૦ પક્ષી
  એક પક્ષીની કિંમત ×૩૦ રૂ.
  ૩૦૦૦ રૂ.
- મરઘાના ખાણ-દાણ માટે રૂ.૨૦૦૦
- મરઘા ઘર ઊભું કરવા રૂ.૮૦૦૦
- અન્ય ખર્ચ જેવા દવાદારૂ વિગેરે રૂ.૩૦૦૦

એક યુનિટ ઊભુ કરવા ખર્ચ રૂ.૧૬૦૦૦ થાય.

વડેલી પોડેલામાં સહકારી ધોરણે ઓછામાં ઓછા પ એકમ ઊભા થવા જોઈએ.

૬.૩. <u>લોકોની કુશળતા વધારવાના કાર્યક્રમો</u> :

આદિવાસી સમાજ માટે એ બાબત પ્રચલિત છે કે તેઓ તેમની પરંપરાગત સંસ્કૃતિ જાળવી રહેલ છે. જોકે તેના પર આધુનિકતાની અસર પડે છે. સાથે સાથે તેઓ કેટલીક કુશળતા પણ ધરાવે છે.

વડેલી લઘુવિસ્તાર વિકાસની ક્ષેત્રકાર્ય દરમિયાન ત્યાં વસતા તડવી, નાયકા અને વસાવા આદિજાતિઓમાં નીચે પ્રમાણેની કારીગરી જોવા મળી હતી.

(૧) <u>તાડપાનમાંથી છાદડી/વાણ/દોરડી બનાવવા</u>:

વડેલી લઘુવિસ્તારના અભ્યાસ માટે પસંદ કરેલા ગામોમાં તાડના ઝાડો ઓછી વધતી સંખ્યામાં છે. અમુક ગામોમાં તાડપાનમાંથી છાદડી બનાવવી, ખાટલા માટે દોરડા બનાવેલા જોવા મળ્યા હતા. જો કે તે ઘર વપરાશ પૂરતાજ બનાવે છે.

(૨) <u>ભરત/ સિવણકામ</u> : તાલુકા મથક ગોઠડામાં ચાલતા આદિવાસી સિવણ તાલીમ વર્ગની મુલાકાત પરથી જોઈ શકયા હતા કે આદિવાસી બહેનો થોડી તાલીમ બાદ સારું એવું ભરતકામ અને સિવણકામકરી શકે છે.

(૩) <u>કડિયાકામ</u> : કેટલાક આદિવાસીઓ કડીયાકામ પણ જાણે છે કરે છે.

(૪) <u>પડીઆ-પતરાળા</u>: આ ઉપરાંત વડેલી વાળુ વિસ્તારમા પડીયા પતરાળા બનાવવા માટેના ખાખરાના પાન થાય છે. જો આ વિસ્તારમાં આદિવાસીઓને પડીયા પતરાળા બનાવવા માટેનું મશીન નીકળ્યું છે. તે ચલાવવાની તાલીમ આપી તે મશીન આપવામાં આવે તો તેનાથી એક વ્યકિત રૂા. ૨૫ થી ૩૦ દિવસના કમાઈ શકે છે.

પડીઆપતરાળા બનાવવાનું મશીનજ આપવું જોઈએ તેની કિંમતના ૫૦% સબસીડી અને ૫૦% રંકમ લોન પેટે આપવી જોઈએ.

આદિવાસી યુવાનો, બહેનોને તેમને રુચીકર કલા કારીગરીની તાલીમ આપાય તે ખુબજ જરુરી છે. "ટ્રાયસેમના" વર્ગો વડેલી પોકેટના અંદરના ગામડામાં ખોલવા જોઈએ.

આ રીતે તાડપાનમાંથી છાબડી બનાવવી ટોકરા બનાવવા, બહેનોને ભરત તથા સિવણકામ, યુવાન ભાઈઓને કડિયા તથા સેન્ટ્રીંગ કામ, અને પડીયા પતરાળા બનાવવા આ ચારેના તાલીમ વર્ગો "ટ્રાયસેમ" યોજના હેઠળ શરુ થવા જોઈએ.

તે ઉપરાંત વડેલી પોકેટ વિસ્તારમાં " ઉદ્યોગ સાહસિક કેન્દ્ર " પણ ખોલવું જોઈએ. જેના દ્વારા યુવાન આદિવાસી જેઓ થોડું ભણેલા હોય તેમને નાના વ્યવસાય ઉદ્યોગમાં સામેલ થવા કે ઉભા કરવાની માહિતી સલાહ સૂચન પુરું પાડી શકે.

(૫) <u>નવા વ્યવસાય/ ધંધાઓ</u> :

વડેલી લઘુવિસ્તારને લાગુ પડે છે ત્યાં સુધી નવા વ્યવસાય/ધંધાઓ માટે નોંધાયેલી જરૂરિયાતો જોતા અહીંના આદીવાસીઓ નવા વ્યવસાય/ધંધાઓ કરવા તૈયાર છે. તેમાં કેટલાકે શાકભાજી,વેચવી, કરીયાણાની દુકાન, કાપડની ફેરી, માછીમારી, માલવાહન, સેન્ટીંગ તથા સાયકલ રીપેર જેવાં ધંધાઓ નોંધાવ્યા છે. તે માટે તેઓએ નાણાં-સાધનો તથા તાલીમની જરૂરિયાત પણ દર્શાવી હતી.

કેટલીક પ્રાથમિક ઉપલબ્ધીઓ તથા સાનુકુળતા હોઈ વડેલી લઘુવિસ્તારમાં આદિવાસી ખાસ કરીને યુવાનોને નવા વ્યવસાયોમાં જોતરવા જોઈએ. અભ્યાસ ક્ષેત્રકાર્ય દરમિયાન એકપણ વ્યક્તિને નવો વ્યવસાય કરવા માટે લોન/સહાય મળી હોય તેવું ધ્યાને આવ્યું નથી.

નવા વ્યવસાય ધંધાઓ કરવા માટે કેટલીક સુગમતાઓ છે. જેમકે ૧, અલ્પમૂડી રોકાણ, ૨ આનુષંગિક સેવાઓની અલ્પ જરૂરીયાત, ૩ પૂરક પ્રવૃત્તિ, ૪ પસંદગીનું બહોળું ક્ષેત્ર, ૫ અને ધિરાણની ઉપલબ્ધી વિગેરેને લીધે આવા વ્યવસાયો સહેલાઈથી શરૂ થઈ શકે છે.

૧. <u>સાયકલ રીપેરીંગ</u> : આ વ્યવસાય માટે સાધન સરંજામ, તથા વર્કીંગ કેપીટલ થઈ કુલ ૭૫૦૦ રૂા. રોકવા પડે. જેમાં મહીને આશરે ૧૭૫૦ જેટલો ખર્ચ થાય તેની સામે ૨૩૦૦ રૂા. મળે જેથી ૫૫૦ રૂા. મહીને સરેરાશ વળતર મળે. શહેરની નજીકના કેન્દ્રોમાં પણ આ વ્યવસાય થઈ શકે.

૨. <u>નાની કરીયાણાની દુકાન</u> માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂા. જોઈએ જેમાંથી આશરે મહિને ૫૦૦ થી ૭૦૦ રૂા. વળતર મળે.

૭. <u>અનાજ દળવાની ઘંટી</u> :

| | રુપિયા |
|---|---|
| - કુલ મુડી રોકાણ મશીનરી તથા વર્કીંગ કેપીટલ સહિત | ૧૬,૦૦૦-૦૦ |
| - મહિને ૧૦ ટન અનાજ દળતો કિલોના- ૦-૨૦ પૈસા લેખે મળે | ૨,૦૦૦-૦૦ |
| - ૧૦ ટન અનાજ દળવા માટે થતો ખર્ચ | ૧,૩૦૦-૦૦ |
| - મહિને આશરે આવક મળે | ૭૦૦-૦૦ |

૬:૪. <u>ધીરાણ વ્યવસ્થાના કાર્યક્રમો</u> :

છેવટે દરેક બેંકેબલ યોજનાનો આધાર ધીરાણ વ્યવસ્થા ઉપર આધાર રાખે છે. ક્ષેત્રકાર્ય વખતે ધીરાણ વ્યવસ્થા અંગે કેટલીક બાબતો જાણવા મળી હતી તે આ પ્રમાણે છે.

૧. ધીરાણ માટે બેંકોમાં અમુક કિસ્સાઓમાં સાધન ખરીદવા પહેલા તેના બીલ માંગવામાં આવે છે. લાભાર્થીઓને તે રજુ કરતા ઘણી અગવડતા પડે છે. આ બાબતે નવી વૈકલ્પિક વ્યવસ્થા વિચારવી જોઈએ.

૨. ધીરાણ માટે બેંકો ફાળવવામાં આવે છે. તેમાં નિયમને લીધે અનુકુળ બેંકો ધીરાણ કરતી નથી. XXX આ માટે જેતે નજીકની જ બેંકો ધીરાણ કરે, ઉપરાંત ધીરાણ ન કરતી બેંકોને ધિરાણ થાય તે માટે સૂચના આપવી જોઈએ.

૩. કેટલીક જગ્યાએ જયાં જરુરી લાગે ત્યાં ક્રેડીટ કેમ્પો યોજાવા જોઈએ.

૪. કેટલીક જગ્યાએ લાભાર્થી પક્ષો પણ અનિતી આચરતી હોય છે તે માટે કડક નિરીક્ષણ અને એસેટસ વેરીફિકેશન બેંકો દ્વારા પણ થવું જોઈએ.

૫. સહકારી મંડળીઓ ધીરાણ માટે અરુચી ધરાવે છે તેમને ધીરાણ કરવા માટે ફરજ પાડવી જોઈએ.

૬. ખાસ કરીને ધીરાણ લેનારને અનુકુળ હોય તે બેંકોની શાખા ફાળવવી જોઈએ.

૬:૫ <u>ખેતીના કાર્યક્રમો :</u>

વડેલી લઘુવિસ્તારમાં એકંદરે આદિવાસીઓ ખેતમજુરોજ છે. થોડા આદિવાસી પરિવારો થોડી થોડી જમીન ધરાવે છે. અભ્યાસમાં સંપૂર્ણ પ્રતિનિધિત્વ ખાતર ૩૦ જેટલા પરિવાર કે જેઓ જમીન ધરાવે છે તેવા પસંદ કરવામાં આવ્યા છે. અભ્યાસક્ષેત્રકાર્ય દરમ્યાન એ નોંધાયું છે કે જેમની પાસે જમીન છે તેમની પાસે ખેતી ઓજારો પુરતા નથી જે છે તે ટાંચા છે. તેથી સાધનો માગી લાવીને જમીન ખેડે છે. આર્થિક સ્થિતિ કંગાળ હોવાથી સિંચાઈ કરી શકતા નથી, સારા બિયારણ કે રાસાયણિક ખાતર વાપરી શકતા નથી.

આ માટે આઈ.આર.ડી તથા ખેતીવાડી વિભાગ દ્વારા લઘુવિસ્તાર માટે આદિવાસીઓ કે જેઓ જમીન ધરાવે છે તેમને

૧.) ખેતી માટેના ખુટતા ઓજારો આપવા જોઈએ.

૨.) થોડી જમીન ધરાવતા આદિવાસી કુટુંબો સિંચાઈનો લાભ ન લઈ શકતા હોય તેવા કુટુંબોને સિંચાઈ માટેના તાંત્રિક ઓજારો તથા તે માટે નાણાંકીય લોન/સહાય આપવી જોઈએ.

૩) મોટાભાગના આદિવાસી ખેડુતો બળદોથી ખેતી કરે છે. જેમને એક બળદ છે તેમને બીજો એક અને જેમને બિલકુલ બળદ નથી તેમને બે બળદ આપવા જોઈએ.

૪) આ ઉપરાંત આદિવાસીઓની જમીન કેટલીક ટેકરાવાળી, ઢોળાવો ઉપર તથા ઝાડાઝાંખરાવાળી હોય છે તેને સમતલ તથા સુધારવી પડે તેવી હોય તેમને જમીન સુધારવા માટે સહાય આપી પડતર રહેતી જમીનમાં આદિવાસી ખેતી કરતા થાય તેવા પ્રયાસો થવા જોઈએ.

૫) આદિવાસી ખેડૂતોને બિયારણ, રાસાયણિક ખાતર, દવાઓ વિગેરેના કિટ્સ તેમના હાથમાં મળે તે જોવાનું જોઈએ. અમલીકરણ અધિકારી/કર્મચારીના લીસ્ટમાં

...૧૫૪.

આદિવાસીનું નામ હોય કે બુટીયા ફુકરને કિટ્સ આપ્યું પરંતુ ખરેખર તે કિટ્સ બીજા ખેડૂતનેજ આપવામાં આવે તેવું બને છે તે અટક અને ખરેખર તે બુટીયા ફુકર આદિવાસી ખેડૂતનેજ કિટ્સ મળે તેવું અમલિકરણ થાય તે ખૂબજ જરૂરી છે.

ઉપરોકત XXX બધીજ સહાય આદિવાસી ખેડૂતોને પૂરી પાડવાની યોજનાઓ છે. પરંતુ સત્ય અમલિકરણની ઊણપ કે ખામી ને લીધે જરૂરમંદ લઘુવિસ્તારના આદિવાસીઓને ઉપરોકત મદદો મળતી નથી એ એક કમનસીબી છે. આ માટે આયોજન કરતા અમલિકરણ વધુ નિષ્ઠાવાન બને તે બાબત ઉપર ખાસ લક્ષ્ય આપવાની ખાસ જરૂરિયાત છે.

સામાન્ય રીતે બજેટ ફાળવવામાં આવે છે તેમાં લઘુવિસ્તાર માટે ૨૦ થી ૨૫% જેટલું વધુ રકમ બજેટમાં ફાળવવી જોઈએ જેથી ઝડપી દરેકને લાભવાંચ્છીત ને લાભ આપી શકાય.

કેટલીક જગ્યાએ જમીન વિહોણા આદિવાસીઓને જમીન આપવામાં આવે છે તે જમીન બીલકુલ કસ વગરની હોય છે તેને નવસાધ્ય ખેડને યોગ્ય બનાવવામાંજ ઘણી રકમ ખર્ચવી પડે જે ખર્ચવા આદિવાસી ખેડૂત આર્થિક રીતે સક્ષમ હોતા નથી. તેથી સરકારી ચોપડે તે ખેડૂત બને છે. વાસ્તવમાં તે ખેડુત થતો નથી. તેથી આપણે આવા આદિવાસી ખેડૂતને ખરો ખેડુત બનાવવો જોઈએ નામ પૂરતો ખેડુત નહીં.

<u>ખેતીના કાર્યક્રમો માટે વડેલી લઘુવિસ્તારમાં નીચે પ્રમાણે આયોજન થઈ શકે.</u>

| | વિગત | એકવર્ષ માટે રૂ. લાખમાં (લાભાર્થીદીઠ) | પાંચવર્ષ માટે રૂ. લાખમાં |
|---|---|---|---|
| (૧) | સુધારેલું બિયારણ | ૦-૨૦ | ૧-૦૦ |
| (૨) | રાસાયણિક ખાતર | ૦-૧૦ | ૦-૫૦ |
| (૩) | સુધારેલા ઓજારો | ૦-૩૦ | ૧-૫૦ |

...૧૫૫..

| | | | |
|---|---|---|---|
| (૪) | બળદ માટે | ૦-૩૦ | ૧-૫૦ |
| (૫) | બળદ ગાડા | ૦-૩૦ | ૧-૫૦ |
| (૬) | જમીન સુધારણા | ૦-૨૦ | ૧-૦૦ |
| (૭) | નાની સીંચાઈ | ૦-૩૦ | ૧-૫૦ |
| (૮) | નવા કુવા બનાવવા માટે તથા રીપેર માટે સબસીડી | ૦-૨૫ | ૧-૨૫ |
| (૯) | જમીન સંરક્ષણ | ૦-૨૦ | ૧-૦૦ |
| | વાર્ષિક - | ૨-૧૫ | ૧૦-૭૫ પાંચવર્ષ માટે |

૬:૬ સાંસ્કૃતિક આયોજન :

સાંસ્કૃતિક મેળા : આદિવાસીઓમાં રહેલી સાંસ્કૃતિક વારસાને દટાઈ જતો અટકાવી તેને પ્રકાશમાં લાવવા રાજ્ય સરકારે જુદી જુદી આદિજાતિ સાંસ્કૃતિક વારસાને લાભ મળે તે માટે પ્રદર્શનો, મેળા વિગેરેનું આયોજન થવું જોઈએ. તેનું તાલુકા કક્ષાએ આયોજન થાય તો વધુ સફળ થઈ શકે. તે માટે જિલ્લા આયોજન મંડળ તથા રાજ્ય સરકારે ખાસ ફાળો આપી પ્રોત્સાહન આપવું જોઈએ.

એક મેળામાં ઓછામાં ઓછા ૧૫,૦૦૦ રૂ.ની ખર્ચની મર્યાદા રાખી શકાય.

૬:૭. સ્વૈચ્છિક સંસ્થાઓ અને જાગૃતિ તથા સહભાગિતા :

આદિવાસી વિસ્તારોમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ આદિવાસી વિકાસના કામો કરતી હોય છે તેવી સંસ્થાઓમાં આદિવાસીઓને સાંકળવા જોઈએ ઉપરાંત તેમને અનુદાન આપતી વખતે જે તે સંસ્થા તે દ્વારા કેટલા આદિવાસી પરિવારોને સહાયભૂત થશે તેનો અંદાજ તથા કાર્યક્રમોની વિસ્તૃત માહિતી મેળવવી જોઈએ.

તથા ખાસ કરીને આવી સંસ્થાઓ આદિવાસીમાં જાગૃતિ લાવે સાથે આદિવાસી જાતેજ તેઓ તેમના વિકાસમાં સહભાગી બને તે રીતે તૈયાર કરે તેવી સૂચના આપવી જોઈએ.

૬:૮. **વહીવટી બાબતો માટે સૂચનો :**

લઘુવિસ્તારમાં સરકારી યોજનાનો જોઈએ તેટલો પ્રચાર, પ્રસાર કે અમલ થયેલો જોવા મળતો નથી. એનું એક કારણ એ પણ હોઈ શકે કે સર્વે યોજનાનો અમલ લઘુ-વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા થતો હોય છે. તેમની પાસે કાર્યભાર વધુ હોવાથી દરેક કામને પૂરતો ન્યાય મળતો નથી. આથી લઘુવિસ્તારમાં વિકાસ યોજનાના અમલ માટે એક કે બે લઘુવિસ્તાર માટે યોગ્ય અધિકારીની નિમણુંક થવી જોઈએ.

૨) લઘુવિસ્તાર માટેના વિકાસ માટેની યોજનાના અમલિકરણ માટે આગવી કોઈ પધ્ધતિ શોધી કાઢવી જોઈએ.

૩) લઘુવિસ્તારમાં તેમના વિકાસ ખર્ચની જોગવાઈ ત્યાંની વસ્તીને ધ્યાને રાખી નક્કી કરવી જોઈએ.

૪) લઘુવિસ્તારમાં સતત સંશોધન દ્વારા નવા નવા ઉપાયો શોધવા સંશોધન તેમજ વિકાસકામો તથા યોજનાનું મૂલ્યાંકન થતું રહેવું જોઈએ. જે અમલિકરણ માટેના ભાવી આયોજન માટે સૂચનો પૂરા પાડે વિકાસની ક્ષિતીજોનું ભાન કરાવે.

૫) આર.એલ.ઈ.જી.પી/ તથા આઈ.આર.ડી.પી નું અમલ તાલુકા કક્ષાએ સ્વતંત્ર કર્મચારી દ્વારા થાય છે તેમનું સંકલન પોકેટ સાથે થાય અને પોકેટના ઉંડાણના ગામોમાં ધ્યાન અપાય તેવું સ્વીકારવું જોઈએ.

## પ્રકરણ : ૭

## તારણો અને સુઝાવો

**તારણો:**

સંખેડા તાલુકાના વડેલી લઘુવિસ્તારના વિકાસ આયોજન માટેના અભ્યાસને અંતે નીચે પ્રમાણેના તારણો તારવી શકયા છીએ.

(૧) પસંદ કરાયેલા પાંચ ગામોમાંથી ચાર ગામોમાં નજીકના ગામોમાં સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ હોવાને લીધે ત્યાં દુધાળા ઢોર યોજનાની કામગીરી ચાલી રહી છે. દા.ત. પીછુવાડા નાના અમાદરપુર અને ગોવિંદપુર તથા બેડોદ પરંતુ એનું પરિણામ સંતોષકારક નથી.

(૨) તાલુકા મથકથી બીલકુલ નજીકનું ગામ નાગરવાડા સંપૂર્ણ આદિવાસી ગામ હોવા છતાં તપાસ કરેલ કોઈને પણ કાંઈ યોજનાનો લાભ મળ્યો નથી.

(૩) પસંદ કરેલા એક પણ ગામમાં એમ.આર.ડી.પી. કે આર.એસ.ઈ.જી.પી હેઠળ આદિવાસી કુટુંબોને રોજગારી મળી હોય એવું નોંધાયું નથી.

(૪) ક્ષેત્રકાર્ય દરમ્યાન મુલાકાત પરથી એ તારવી શકાયું છે કે "દુધાળા જાનવર" ની યોજના ખૂબજ પ્રચલિત છે તેમ છતાં એ પણ જાણી શકાયું છે કે ભેંસો મળે એટલે આંધળી દોટ મૂકી ભેંસો લેવી જ. એવું નથી મોજણી પત્રક ભરતી વેળા ક્ષેત્રકાર્યકરો પૂછતા કે પશુપાલન માટે શું જોઈએ છે ? તો ઘણા લોકો ઉત્તર આપતા હતા કે "જમીન નથીને ભેંસને શું ખવડાવીએ અને પટેલના ખેતરમાંથી ઘાસ લાવીએ કે ચરાવવા જઈએ તો ઝગડા થાય અને ભેંસ કદાચ મરી જાય તો સરકારના દેવાદાર થઈએ".

કેટલાકે તેમપણ કહ્યું હતું કે સરકારે ચારા માટે જમીન આપવી જોઈએ તથા ઢોર બાંધવા છાપરી બનાવી આપવી જોઈએ.

...૧૫૮..

(૫) આદિવાસી કુટુંબો સબસીડીની રકમ તથા દૂધની આવક તથા રોજગારીની આવક અંગે અજ્ઞાન જણાતા હતા એટલું જ નહી તે એમ પણ જાણતા હતા કે તલાટી, સરપંચ, મંડળીના મંત્રી અથવા મૂડીદાર ખેડૂત તેમનું હિસાબ બાબતમાં શોષણ કરે છે.

(૬) આદિવાસી કુટુંબોના વડાઓ તથા કેટલાક પંચાયતના સભ્યો પણ સરકારી યોજનાઓથી અજાણ હતા. મોટાભાગે ગ્રામસેવકો અને તલાટી, સરપંચ યોજનાની જાણકારી આપતા હોય તેવું જાણવા મળ્યું હતું.

(૭) માછીમારી તથા બકરા યોજના આ વિસ્તારના આદિવાસીઓને અનુકૂળ તથા તેમાં રસ ધરાવે છે. પરંતુ આ બંને યોજનાનો અભ્યાસમાં આવરી લેવાયેલા કોઈ કુટુંબને લાભ મળ્યો નથી.

(૮) વઢેલી પોકેટ વિસ્તારમાં નાની મોટી નદીઓ છે. તેમાં ઉપલબ્ધ ખેતી તથા નદીના કાંઠા વિસ્તારમાં વાડી શકાય તેવા શાકભાજી તથા ફુલાપુરા ગામનજીક લીલી છાંટવાળા નીકળતા આરસપહાણ વિગેરે ઉપલબ્ધીઓને આયોજન વખતે ધ્યાને રાખી અગત્યાનુસાર રકમ ફાળવવી જોઈએ.

(૯) વઢેલી પોકેટમાં નાના મોટા પર્વતો, ટેકરાઓમાં ખનિજ તત્વોની ઉપલબ્ધી તપાસવા અંગે વિચારી શકાય.

(૧૦) આદિવાસી વઢેલી લઘુવિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે તથા સ્ત્રી શિક્ષણ નહીંવત છે.

(૧૧) વઢેલી લઘુવિસ્તારમાં મોટાભાગે ખેતમજુરો છે. તેઓને લઘુત્તમ વેતન મળતું નથી.

(૧૨) આદિવાસી ખેતમજુરોને વઢેલી લઘુવિસ્તારમાં અભ્યાસમાં આવરી લેવાયેલા કુટુંબોમાંથી કોઈને પણ ખેતી માટે સરકારી જમીન ફાળવ્યાનું નોંધાયું નથી.

(૧૩) વડેલી આજુબાજુના ગામોમાં દુધાળા ઢોર આપવામાં વચગાળાના લોકો દ્વારા ભ્રષ્ટાચાર આચરવાનું આદિવાસી, બિન-આદિવાસી વ્યક્તિઓ દ્વારા જાણવા મળ્યું છે.

(૧૪) વડોદ ગામમાં બે વર્ષથી આદિવાસી માટે તૈયાર થયેલી વસાહતના મકાનોની નજીવા પ્રશ્ને કાળજી થતી નથી જેનો વ્યવહારુ ઉકેલ પણ આવતો નથી.

(૧૫) વડેલી લઘુવિસ્તારમાં કેટલાંક કુટુંબો તાડના પાંદડામાંથી સાદડી તથા ઝાડુ દોરડા તથા ખાટલા ભરવાની દોરડી પર વપરાશ પૂરતી બનાવે છે એટલે કે તેઓ આવી કળા તથા કુનેહ ધરાવે છે.

(૧૬) વડેલી લઘુવિસ્તારમાં ખાખરાના ઝાડ ઘણા છે ખાખરાના પાનમાંથી પડીયા પતરાળા બનાવે છે. આદિવાસી કુટુંબોને આ વ્યવસાય અનુકૂળ બને.

(૧૭) વડેલી લઘુ વિસ્તારમાં આદિવાસી સમાજમાં કેટલાક કડીયા-કામ અને પેન્ટીંગ કામ પણ કરે છે. તેઓ પાસે પૂરતા સાધનોનો અભાવ છે.

(૧૮) નાના અને સ્વરોજગારીના વ્યવસાય લેવામાં વડેલી લઘુવિસ્તારના આદિવાસીઓ જોતરાયા નથી. અભ્યાસ પરથી એ ફલિત થયું છે કે તેઓની આવા નાના વ્યવસાય ઉભા કરવાની તૈયારી છે.

(૧૯) વડેલી લઘુવિસ્તારમાં પ્રસ્તુત અભ્યાસમાં ૩૦ કુટુંબો એવા આવરી લેવાયા હતા કે જેઓ ખેતી કરતા હતા. પરંતુ એક પણ કુટુંબને સંરક્ષણ, સિંચાઈનો લાભ મળ્યો નથી. ફક્ત એકજ કુટુંબને કે જે વસાવા જાતિનું છે તેને કિટ્સનો લાભ મળ્યો છે. જેથી ફલિત થાય છે કે આદિવાસી ખેડૂતોને અપાતી સહાય અંગે આ વિસ્તારમાં [illegible] કામગીરી રહેવા પામી છે.

<u>સુચનો</u> :

(૧) 'દુધાળાઢોર' ની યોજના હેઠળ સારી કામગીરી થાય તે આવશ્યક છે. પરંતુ પુરતું નથી, કારણકે તે કામગીરી પરિણામ લક્ષી બનવી જોઈએ. તે બનતું નથી માટે દુધાળાઢોરની યોજનાને પરિણામ લક્ષી બનાવવી જોઈએ.

તે માટે (૧) લાભાર્થી કે તે મકાનનું (૨) તે ઢોરને પાળવી શકે તેમ છે તેની 'કેપેસીટી' તપાસી તથા (૩) લાભાર્થીને અનુરુપ એસેટસ આપવામાં આવે તો તે જરુર પરિણામલક્ષી બને.

(૨) ઉંડાણના ગામોમાં કામગીરી થાય સાથે.સાથે નજીકના ગામોમાં દુર્લક્ષ ન સેવાય તે જોવાવું જોઈએ.

(૩) એન.આર.ઈ.પી. તથા આર.એલ.ઈ.જી.પી હેઠળ તથા કામો મહદ અંશે લઘુવિસ્તારોમાં થાય તેવો આગ્રહ રાખવો જોઈએ જેથી લઘુવિસ્તારોમાં વસતા ગરીબ ખેતમજુરી કે છુટક મજુરી કરતા આદિવાસીઓને રોજગારી મળે.

(૪) આદિવાસી લઘુવિસ્તારોમાં આદિવાસીઓનું અનેક રીતે શોષણ થાય છે. તેઓ જાણે છે પણ ખરા પરંતુ તેઓ આર્થિક રીતે તેમજ વ્યવસાયીક રીતે મૂડીવાદી ખેડુતો પર નિર્ભર હોઈ શોષણ સામે બંડ પોકારી શકતા નથી તેવીજ રીતે સરકારી લાભમાં તેમનો પોતાનો સ્વાર્થ હોવાથી તેમાં શોષણ સામે પણ અવાજ ઉઠાવી શકતા નથી.

આ માટે લઘુવિસ્તારના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારી પ્રૌઢશિક્ષણના વર્ગો વિગેરે દ્વારા તેમનામાં સભાનતા અને જાગૃતિ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. સાથે સાથે તેમનામાં નૈતિક તાકાત ઉભી થાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આગળ આવવું પડશે.

(૫) લઘુ વિસ્તારના આદિવાસીઓને અનુકૂળ તથા પ્રાયમિક જરુરિયાતો ઉપલબ્ધ હોય તેવા ધંધા માટે તથા નવા ઉદ્યોગો માટે લોન/સહાય પૂરતા પ્રમાણમાં પૂરી પાડવી જોઈએ.

(૬) વડેલી લઘુ વિસ્તારના કેટલાક નાના મોટા તળાવો છે તે ખોદાવી ઊંડા કરાવવા જોઈએ જેનું પાણી સિંચાઈમાં ઉપયોગી થઈ શકે તથા તેમાં માછીમારી ઉછેરવા માટે ''મત્સ્યતળાવડા' પણ બની શકે.

(૭) વડેલી લઘુ વિસ્તારમાં ઓરસંગ નદીમાં ઘણી ઊંચી જાતના કિંમતી આરસપહાણ તથા પથ્થરો નીકળે છે. તે કાઢવા માટે ખાણો તથા પથ્થરોમાંથી કપચી બનાવવા ભરડીઓ ગોઠવવી જોઈએ જેનાથી આજુબાજુના આદિવાસી મજુરોને મજુરી મળી શકે.

(૮) લઘુ વિસ્તારોમાં તેના આદિવાસીઓમાં જેજે કળા હોય તે કળા કારીગીરીના તાલીમ વર્ગો ' ટ્રાયસેમ'' યોજના હેઠળ લઘુ વિસ્તારમાં ગોઠવવા જોઈએ. દા.ત. વડેલી લઘુ વિસ્તારમાં તાડપાનમાંથી વિવિધ વસ્તુઓ બનાવવી, ભરત તથા ગુંથણકામ, માછલાની જાળ ગુંથવી, કડીયા તથા સેન્ટીંગકામ, પડીયાપતરાળા બનાવવા વિગેરેના તાલીમવર્ગો ગોઠવવાથી તેમાં આદિવાસી યુવાનો તાલીમ પણ લે તથા તે તાલીમ તેમને આર્થિક ઉપાર્જન માટે ઉપયોગી બની શકે.

(૯) વડેલી લઘુ વિસ્તારમાં આદિવાસી સમાજના શિક્ષણનું પ્રમાણ ખુબજ નીચું છે. તથા સ્ત્રીઓમાં શિક્ષણ નથી એમ કહીએ તો ચાલે. તે માટે શિક્ષણની વધુ સવલતો પુરી પાડવી તથા આદિવાસી બાળકો શાળામાં આવે તે માટે તેમના માબાપ/વાલીને સમજાવવાના પ્રયત્નો થવા જોઈએ. દરેક પોકેટમાં ઓછામાં ઓછી એક આશ્રમશાળાતો થવીજ જોઈએ.

(૧૦) વધેલી વધુ વિસ્તારમાં ખૂબ ઓછા કુટુંબો જમીન ધરાવે છે પરંતુ તેમની પાસે ખેતીમાટેના પૂરતા સાધનો નથી તેઓને સુધારેલા ખેતમજુરો, સુધારેલા બિયારણો, રાસાયણિક ખાતર, પૂરા પાડવા જોઈએ. તથા સિંચાઈ માટે જરૂરી બધી જ સવલતો આપવી જોઈએ. આ માટે ખાસ ધ્યાન આપવું જોઈએ. આ ઉપરાંત જેઓની પાસે જમીન નથી તેઓને સરકારી જમીન ખેતી માટે ફાળવવી જોઈએ. આ રીતે આદિવાસી ખેડૂતો જે નામના જ ખેડૂતો છે તેમને ખરા અર્થમાં ખેડૂત બનાવીએ.

oooooo
oooo
oo
o